જીવીને જીતી જવાની જડીબુટ્ટી

વિવેકધૈર્યાશ્રય

સંકલન - સંપાદન - લેખન : ડૉ. પીયૂષ પરીખ

II Shri Hari II
II Shri Dwarkesho Jayati II

Goswami Vagishkumar

Date : 27/5/08

શ્રી મધુભાઈ પરિખ

“આશિર્વાદ”

આપ પ્રભુ શ્રી દ્વારકાધીશપ્રભુના અનંત કૃપાના સાંનિધ્ય પ્રાપ્ત કરશો.

આપના દ્વારા પ્રકાશિત થતા [illegible] પુસ્તક [illegible]-પુસ્તક પુસ્તકાલય [illegible] ગુજરાત ની [illegible] [illegible] ભારત બહાર પણ આપના દ્વારા પ્રકાશિત અનેક પુસ્તકો ગ્રંથાલયોમાં ખૂબ આદરપૂર્વક રખાય છે. આપના [illegible] [illegible] ગ્રંથાલયોને આપના પુસ્તકોમાં ઉંડો રસ પડે છે. આપણી નવી [illegible] [illegible] લોકો દ્વારા ગ્રંથાલયોની [illegible] [illegible] [illegible] આવે છે તે લોકો ઉપયોગ કરે છે. આપનો આ પુસ્તક ગ્રંથાલયોમાં ખૂબ આદરપૂર્વક [illegible] [illegible] રખાય છે

આપને તથા સાથીઓને મારા શુભાશીર્વાદ

ભવદીય,

ગોસ્વામી વાગીશકુમાર

(કાંકરોલી-વડોદરા)

Shri Bethak Mandir
Kevdabaug, Madan Zampa Road,
VADODARA - 390 001.
Ph. : +91-0265-2435543, 2434955

Shri Dhwarkadhish Mandir
Trutiya Pith Prnyas, Palace Mandir Marg,
KANKROLI- 313 324. (Rajasthan)
Ph. : +91-02952-230001, 230256

।। श्री हरि ।।

गौस्वामी श्री द्वारकैशलालजी महाराजश्री

'षष्ठपीठ', श्रीकल्याणरायजी मंदिर, श्रीकल्याणरायप्रभु मार्ग, मांडवी, वडोदरा - ३९० ००१
फोन : ०२६५ - २४२३३२२, २४२६९४२. फेक्स : (०२६५) २४३७१७२

પ્રતિ,
પ.ભ. ડૉ.પીયુષભાઈ પરીખ

તા. ૨૯/૭/૨૦૦૫

સસ્નેહ શુભાશિષ,

આપના દ્વારા પ્રેષિત પત્ર પ્રાપ્ત થયો. અવલોકન કરી અત્યંત આનંદાનુભૂતિ થઇ. અખંડ ભૂમંડલાચાર્ય જગદ્‌ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજી પ્રણીત શુધ્ધાદ્વૈત પુષ્ટિભક્તિમાર્ગનાં દિવ્ય સિધ્ધાંતોનાં પ્રચાર-પ્રસાર કરવાનાં વિશદ્ કાર્યને વેગવંત કરવા આપના નવલ પ્રકાશન **" વિવેક-ધૈર્ય-આશ્રય "** માટે હાર્દિક શુભેચ્છાઓ સહ અંતરના શત્-શત્ શુભાશિષ.

અધતન વિચારસરણીના પરીપેક્ષમાં સર્વના નિધિ એવા રસરાજ શેખર વ્રજરાજ શ્રીકૃષ્ણ પરમાત્માનું સાનિધ્ય પ્રાપ્ત કરવા માટે શ્રી પ્રભુના સ્વરૂપજ્ઞાન અને માહાત્મ્યજ્ઞાન સહિતની ભકિત આવશ્યક છે. શ્રી મહાપ્રભુજીએ વૈષ્ણવતાના ત્રણ મુખ્ય લક્ષણ- વિવેક,ધૈર્ય અને આશ્રયનો અગ્રતાક્રમ નક્કી કરી આપ્યો છે. વિવેક રાખવા છતા ધૈર્ય નો બાંધ ટૂટી જાય ત્યારે ફક્ત પ્રભુમાં દ્રઢ આશ્રય જ મનુષ્યનું રક્ષણ કરે છે.ભગવદ્ આશ્રય વગર વિવેક-ધૈર્ય ની સિધ્ધી નથી થતી અને શ્રી પ્રભુના માહાત્મ્યજ્ઞાન વગર ન તો વિવેક-ધૈર્યનો ઉદય થાય છે ,ન તો પ્રભુમાં આશ્રય દ્રઢ થાય છે.

અર્વાચીન જીવન પધ્ધતિ સાથે સ્વધર્મને સંકલિત કરવા માટે જિજ્ઞાસુઓને સરળતાપૂર્વક સહજ રીતે સંપ્રદાયના મૂળભૂત સિધ્ધાંતોને આલેખન-સંકલન કરી આપના દ્વારા **વિવેક-ધૈર્ય-આશ્રય** નામક પુસ્તકથી ભગવદ્ રસામૃતનું પાન કરાવવાનો બહુજનહિતાય ઉદ્દેશ્ય કેન્દ્રસ્થ રાખેલ છે,જે અતિ અભિનંદનીય તેમજ પ્રસંશનીય છે.

પરમ મોહિની શ્રી કલ્યાણરાય પ્રભુ તથા શ્રી મહાપ્રભુજીની અસીમ કૃપાથી આપના આ નવલ પ્રકાશનથી સર્વે સ્વજનોને શ્રીપ્રભુની નિજલીલાના અદ્‌ભૂત અવર્ણનીય પરમાનંદની અનુભૂતિ થાય એવી મંગલકામનાઓ સહ શ્રીપ્રભુના યુગલ ચરણોમાં શુભાભ્યર્થના.

ભવદીય,

ગો. દ્વારકેશલાલ

'श्री महाप्रभुजी बैठक',
क्रिष्णा सिनेमा सामे, नरोडा,
अहमदाबाद - ३८२ ३२५.
फोन : ०७९-२६१३४४४,
२६१३४७७, २८११४७७

श्री गोवर्धननाथजी मंदिर,
मजीठ मंडी,
अमृतसर
(पंजाब),
फोन : ०१३३- २५४७६०७

श्री कल्याणरायजी मंदिर,
ढ़ाल की पोल,
अस्टोडिया दरवाजा,
अहमदाबाद (गुजरात),
फोन : ०७९- २१४८५७०

श्री गोवर्धननाथजी मंदिर,
श्री मदनमोहनजी मंदिर,
स्वामी घाट,
मथुरा
(उत्तर प्रदेश)

श्री कल्याणरायजी मंदिर
सतघरा की गली,
श्री गोकुलनाथजी मंदिर के पीछे,
श्रीमद् गोकुल,
(जिला- मथुरा), उत्तर प्रदेश

Baroda : "Shasth Pith", Shri Kalyanraiji Mandir, Shri Kalyanraiprabhu Marg, Mandvi, Vadodara - 390 001. Ph. : 0265 - 2423322, 2426942. Fax : 2437172. E-mail : yadunathji@icenet.net
Ahmedabad : "Shri Mahaprabhuji Baithak" Opp. Krishna Talkies, Naroda, Ahmedabad - 382 325. Ph. : 079 - 2613444, 2613477, 2811477.

અર્પણ

શ્રી ક.મા. મુન્શીજી, સંગીત માર્તંડ પં. ઓમકારનાથજી અને પ.ભ. શ્રી મગ્નલાલ શાસ્ત્રીજી જેવા વિબુધોથી સાહિત્ય, સંગીત અને કલામાં રસવાળી બનેલી આ ભરૂચની ભૂમિમાં પં. ઓમકારનાથ ઠાકુર સંગીત મંડળ, બુક લવર્સ ફોરમ અને બી.ડી.એમ.એ. જેવી સંસ્થાઓ, શ્રીવામન ભગવાનના અનુગ્રહે આજે પણ પ્રાપ્ત ધરોહરનું જતન કરી રહી છે. આવી આ સંસ્થાઓના દરેક ગુણીજનોને વંદન.

આ પુસ્તિકા આ સાહિત્ય-સંગીત-શાસ્ત્રપ્રેમીઓને અર્પણ કરું છું.

ડૉ. પીયૂષની સ્નેહ વંદના

આ પુસ્તિકાના પુનઃ પ્રકાશન પ્રસંગે

આ પુસ્તિકા ‘વૈષ્ણવ પરિવાર’ના માધ્યમથી વિશ્વના ૫૦૦૦૦ ઘરોમાં વંચાઈ છે અને આશરે ૩૦૦૦૦ વૈષ્ણવોના ઘરમાં શ્રી હરિ, ગુરુ અને વૈષ્ણવોની કૃપાથી બિરાજે છે.

પુસ્તિકા પ્રકાશન પ્રસંગે પ્રેમોદ્‌ગાર

બુક લવર્સ ફોરમ અને ભરૂચ ડીસ્ટ્રીક્ટ મેનેજમેન્ટ એસોસીએશન (બી.ડી.એમ.એ.) એક આગવી ફોરમ (સુગંધ) ધરાવતાં એવા આગવા સંગઠનો છે કે જેના પ્રબુદ્ધ, જાગૃત અને સક્રિય સભ્યો હંમેશા હકારાત્મક, સુગઠિત અને સુગ્રથિત વિચારોને કોઈપણ રીતે અને ક્યાંયથી પણ ઝીલી લેવા તત્પર તથા પોતાના જીવનના શ્રેય માટે પોતાની કાયાને કસવા માટે સદાય કટિબદ્ધ છે.

માત્ર પોતાના વ્યવસાય અને વ્યવહારની મેનેજમેન્ટ માટે જ બી.ડી.એમ.એ. સજાગ નથી પણ વ્યક્તિ માત્ર પોતાના જીવનને પણ સરખી રીતે સજાવે અને ઉન્નત કરે તેના માટે પણ સચિંતિત અને સજાગ છે.

આ પ્રકારની એક quest સાથે આ એસોસીએશને મને એવા વિચારોને તે બધાની વચ્ચે વહેતા મૂકવા વક્તા તરીકે આમંત્ર્યો કે જે વિચારો જીવન જીવવાની જડીબુટ્ટી જેવા જણાય પછી તેને નણાય અને ત્યારબાદ વ્યક્તિના વ્યવસાય અને વ્યવહારમાં વણાય.

ઘણા વિચારોને અંતે મને ભારતવર્ષના પાંચમા આચાર્ય શ્રીવલ્લભાચાર્યજીએ આપશ્રીના સેવકોના જીવનને અલૌકિક રીતે સજાવવા માટે સર્જેલો ‘‘વિવેકધૈર્યાશ્રય‘‘ ગ્રંથ ઉપરના હેતુ માટે વધુ ઉચિત જણાયો. સ્વમાર્ગના વિદ્વાન આચાર્યો અને ભગવદીયોએ આ ગ્રંથ પર કરેલા અર્થો વાંચ્યા અને સમજ્યા. મારા અંગત જીવનમાં તે ઉતારવાના શક્ય પ્રયત્નો શરૂ કર્યા જે યદ્યપિ ચાલુ જ છે.

આ વિષય માટે મને એક Lecture ફાળવ્યું. આમાં દોઢ કલાક વક્તવ્ય અને અડધો કલાક પ્રશ્નોત્તરી માટે હતો. આ Lectureમાં હું ‘‘વિવેકધૈર્યાશ્રય‘‘ થકી ‘વિવેક‘ ને વર્ણવી શક્યો. પ્રશ્નોત્તરી પણ સર્વેને સ્પર્શી ગઈ. ફલ સ્વરૂપ બાકીના ‘‘ધૈર્ય અને આશ્રય‘‘ માટે બીજા બે Lecture ફાળવવામાં આવ્યા. શ્રોતાઓને થયેલી આ પ્રેરણામાં હું શ્રીવલ્લભાચાર્યજીની કૃપા તથા મારા ગુરુદેવ પ.પૂ.૧૦૮ શ્રી વ્રજભુષણલાલજી મહારાજશ્રીના આત્મજ પ.પૂ.ગો.૧૦૮ શ્રી વ્રજેશકુમારજી (શ્રીકાંકરોલી નરેશ)ના આશિષ કારણભૂત માનું છું.

મારા વિશાળ શ્રોતાવૃંદ જેમાં બધા વિવિધતા ધરાવતા વિચારકો છે તે પૈકીના ઘણાએ મને આ વિષયના વ્યાખ્યાનોને અક્ષરદેહ આપવા સોનેરી સૂચન કર્યું. આ પૈકી બી.ડી.એમ.એ. કમિટીના સઘળા સદસ્યો, જીપેકના જી.એમ. શ્રી પંકજભાઈ તથા શ્રી જયશ્રીબેન, માજી શિક્ષણમંત્રી શ્રી બિપીનભાઈ શાહ, લોકગાયક શ્રી અભેસિંહભાઈ

રાઠોડ, એમીટી શાળાના સંચાલક શ્રી રણછોડભાઈ શાહ, શ્રી ડી. જે. પટેલ વગેરે સ્નેહીઓએ મને સતત સ્નેહ અને પ્રેરણા આપ્યા. ફલ સ્વરૂપ આ પુસ્તિકા આપ સૌ સ્વજનો, સ્નેહીઓ અને સુજનો સમક્ષ સાદર કરી શક્યો છું.

સાંપ્રદાયિક મેગેઝીન ''વૈષ્ણવ પરિવાર''ના તંત્રી શ્રી વસંતબેને મારા જેવા એક નવા નિશાળીયાના ગાંડાઘેલા લખાણને આશરે એક લાખ વાચકો સમક્ષ મૂક્યું. તે વાંચીને પૂજ્ય ગોસ્વામી બાળકો તથા વૈષ્ણવોના સુંદર પ્રતિભાવો મળતા ગયા. આ માટે હું ''વૈષ્ણવ પરિવાર'' ના પ.ભ. શ્રી વસંતબેન, પૂજ્ય આચાર્ય બાળકો તથા સર્વે વૈષ્ણવ વાચકોનો ઋણી છું.

ગં.સ્વ. શાંતાબેન હરકિસનદાસ દેસાઈના સ્મરણાર્થે તેમનો પરિવાર તથા પ.ભ. શ્રીકાંતિલાલ હેમચંદભાઈ શાહ અને તેમનો પરિવાર પ્રભુકૃપાથી તથા સ્નેહીઓની લાગણીથી આ પુસ્તિકાના પ્રકાશનમાં વિત્તજાની કરનાર સ્વરૂપે મળ્યા. આ માટે તે સર્વનો આભારી છું.

મારા પ્રવચનો તથા પુસ્તિકા પ્રકાશન દરમ્યાન સૌ. વર્ષાએ ધર્મચારિણી તરીકેનો સાચો ધર્મ નિભાવ્યો. મારા નાનાભાઈ કિશોર તથા સૌ. જ્યોતિએ મને સામાજીક જવાબાદારી નિભાવવામાંથી મુક્ત રાખ્યો. આ સર્વે કુટુંબીઓનો આભારી છું.

સ્મીરા ગ્રાફીકના મારા સ્વજન શ્રી મુકેશ બક્ષી તથા તેમના સ્ટાફના મિત્રોને કેમ ભૂલાય? સદાય પ્રસન્નતાથી મારા આ કાર્યને સંપન્ન કરાવી દીધું છે.

પ્રત્યક્ષ વા પરોક્ષ અને જાણે અજાણે જે કોઈ સજ્જનો અને સન્નારીઓ પુસ્તિકારૂપી આ મનોરથમાં મદદરૂપ થયા છે તે દરેકનો આભારી છું.

એહસાન મેરે દિલ પે આપકા હૈ દોસ્તો,
યહ દિલ આપકે પ્યાર કા મારા હૈ દોસ્તો.

દાસાનુદાસ પીયૂષના વંદન અને
ઋણ સ્વીકાર

|| શ્રીવલ્લભઃ ||

જીવીને જીતી જવાની જડીબુટ્ટી

વિવેક, ધૈર્ય અને આશ્રય

બીજી મે ૨૦૦૩ના શુક્રવારે, જી.એન.એફ.સી.ના કૉર્પોરેટ બિલ્ડીંગમાં મારું વક્તવ્ય હતું. વિષય હતો શ્રીમહાપ્રભુજી લિખિત 'વિવેકધૈર્યાશ્રયગ્રંથ'.

આ કાર્યક્રમ બી.ડી.એમ.એ. (ભરૂચ ડીસ્ટ્રીક્ટ મેનેજમેન્ટ એસોસિયેશન) દ્વારા આયોજિત હતો.

શ્રોતાઓમાં મુખ્યતઃ બી.ડી.એમ.એ.ના સભ્યો હતા. અન્ય સંપ્રદાયના તથા વૈષ્ણવ સંપ્રદાયના શ્રોતાઓ પણ હતા. શરૂઆતમાં પ્રાર્થના પછી પ્રારંભિક ઔપચારિકતા પછી મેં કહેવાનું શરૂ કર્યું.

મારી સામે ઉપસ્થિત આપ સૌમાં મોટા ભાગના શ્રોતાઓ મેનેજમેન્ટ સાથે સંકળાયેલા છો. આપણા બધાનું જીવન જ ખરેખર તો મેનેજ કરવા જેવું છે. જીવનમાં પણ ઘણું બધું મેનેજ કરવાનુ હોય છે. આ જીવનનું સ્વરૂપ શું છે ?

શ્રીગીતામાં સાતમો અધ્યાય ''જ્ઞાનવિજ્ઞાનયોગ'' નામે છે. ''જીવનં સર્વભૂતેષુ'' - સૃષ્ટિમાં દેખાતા જીવ માત્રોનું જીવન હું છું. જીવન આવું અમૂલ્ય છે. પણ પ્રાયઃ બધા જીવો જીવનને 'મેનેજ' નથી કરી શકતા. 'મેનેજ' ન થઈ શકવા માટે કારણો વ્યક્તિએ વ્યક્તિએ અલગ હોઈ શકે છે. ઘણાં પણ હોઈ શકે છે.

આપણે અનેક પરિસ્થિતિઓમાંથી પસાર થવું પડે છે. ઘણા લોકોને સાથે લઈને જીવવું પડે છે. કુટુંબમાં અને સમાજમાં ઘણા સાથે પનારો પડતો હોય છે. આપણો વ્યવસાય આપણા શોખ, આપણું કર્તવ્ય, આપણું કુટુંબ એક બાજુ હોય બીજી બાજુ વિવિધતા અને વિચિત્રતાસભર અન્ય લોકો જેના સંપર્કમાં એક યા બીજા કારણથી આપણને આવવું પડે છે.

આપણી ઈચ્છાઓ સાથે અન્ય આ બધાની મુરાદો પણ હોય છે. આવી પરિસ્થિતિમાં જીવનને બેલેન્સ કરવાની મેનેજમેન્ટ દુષ્કર બની જાય છે. આપણા બધાની આવી મડાગાંઠ શ્રીવેણીભાઈ પુરોહિતે સરસ રીતે રજૂ કરી છે.

આ તરફ તેની મુરાદો, મુજ ઈરાદા ઓ તરફ
બન્ને બોજા સહેતા કાવડ બની ગઈ જિંદગી

માતૃ-પિતૃ-ભક્તિના પર્યાય શ્રવણે તેની કાવડના બે પલડા પૈકી એકમાં તેની માતાને

અને બીજા પલડામાં તેના પિતાને બેસાડેલા. તે બંને અંધ હતા. આપણા જીવનરૂપી કાવડમાં પણ એક પલડામાં આપણે મહેચ્છાઓ મૂકી છે.

બીજા પલડામાં આપણા સંપર્કમાં આવતા કે આપણી સાથે સંકળાયેલાઓની ઈચ્છાઓ ગોઠવી છે. આથી આપણા જીવન-કાવડનું બેલેન્સ કરવું, મેનેજ કરવું અઘરું બની જાય છે.

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીએ પોતાના સેવકોને જીવન મેનેજ કરવા માટે એક ગ્રંથ શીખવ્યો ''વિવેકધૈર્યાશ્રય'' - સમાજના સર્વ જનો માટે તે ઉપકારક છે. વિવેકધૈર્યાશ્રય વિષે કહેવાનું શરૂ કરું તે પહેલાં આપ બધા બીઝનેસ મેનેજમેન્ટ સાથે સંકળાયેલા સુજ્ઞોને મારે કહેવું છે કે બીઝનેસ મેનેજમેન્ટની એબીસીડી મને ખબર નથી. બીઝનેસ વિષે પણ હું ઝાઝું જાણતો નથી. OXFORD ડીક્સનેરીમાં બીઝનેસની વ્યાખ્યા આ પ્રમાણે છે. The activity of making, buying, selling or supplying things for money, commerce, trade.

Business શબ્દને વાગોળતાં પ્રભુકૃપાથી મને જે અર્થ મળ્યો તે આ પ્રમાણે છે.

B એટલે Best : વ્યવસાય નાનો હોય કે મોટો હોય તેમાં ત્રણ વિભાગો હોય છે. (૧) પ્રોડકશન (૨) મેઈન્ટેનન્સ (૩) ક્વોલીટી કંટ્રોલ. વ્યવસાય (બીઝનેસ)માં ત્રણેય શ્રેષ્ઠતમ (બેસ્ટ) હોવા જોઈએ.

U એટલે Updated : વ્યવસાયમાં છેલ્લામાં છેલ્લી ઢબની ટેકનીક, તે લગતી યંત્રસામગ્રી તથા છેલ્લામાં છેલ્લી તે વિષયક માહિતી રાખવી જોઈએ.

S એટલે Serenity : વ્યવસાય માટે ગાંભીર્ય જરૂરી છે. ગાંભીર્યથી કઈ વસ્તુ આપણે નથી બદલી શકતા તેની સમજ આવે છે. કારણ વ્યવસાય તે નાના છોકરાઓનો ખેલ તો નથી જ.

I એટલે Intelligence : કુશાગ્ર બુદ્ધિની જરૂર પણ છે. ભલે વ્યવહારુ હોય પણ બુદ્ધિ સદ્ હોવી જોઈએ.

N એટલે Noble : આપણા ડીલીંગમાં ખાનદાની હોવી જોઈએ. ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ પ્રમાણિકતાને વળગી રહેવા Nobility આવશ્યક છે.

E એટલે Effectiveness : વ્યવસાયમાં effectiveness હોય તો જ હકારાત્મક પરિણામ મળે.

પીટર ડ્રકર કહે છે, ''Intelligence, imagination and knowledge are essential resources but only effectiveness converts them into results.''

છેલ્લા બે **S (SS) :** Standards નું સૂચન કરે છે. ઉપર બતાવેલાં ધોરણો Businessમાં હોવાં જોઈએ તો જ Business સરળતાથી મેનેજ થાય.

આ બધી ડાહી ડાહી વાતો હું તમને એટલે કરી શકું છું કારણ કે હું બિઝનેસ કે તેની મેનેજમેન્ટ સાથે સંકળાયેલો નથી. હું સમજું છું કે સાંપ્રતકાળમાં બિઝનેસ કરવો અઘરો છે. મારી હાલત પેલા બાલમનોવૈજ્ઞાનિક જેવી છે. એક કુંવારા બાલમનોવૈજ્ઞાનિકે બાલઉછેર માટે છ ફોર્મ્યુલા સમાજને આપી, તેના ગહન વિચારનો તે પરિપાક હતો. થોડા સમય પછી તેનાં લગ્ન થયાં. તેને ત્યાં છ બાળકો થયાં. પછી તેણે નોંધપોથીમાં લખ્યું કે લગ્ન પહેલાં મારી પાસે બાળઉછેરની છ ફોર્મ્યુલા હતી. લગ્ન પછી મારે છ બાળકો છે અને એક પણ ફોર્મ્યુલા નથી.

મહાત્મા ગાંધીએ સાધનશુદ્ધિ અને સાધ્યશુદ્ધિનો આગ્રહ સેવ્યો છે. તેનો ઉલ્લેખ કરવાનું રોકી શકતો નથી.

આપણે જે સમાજમાં છીએ, જે જનોના રોજ સંપર્કમાં આપણને આવવું પડે છે તે પણ ત્રણ પ્રકારના છે તેવું શ્રી મહાપ્રભુજી સમજાવે છે.

કેટલાક જીવો બિન્ધાસ્ત થઈ જીવતા હોય છે. શાસ્ત્રોના સિદ્ધાંતો કે સંતોની શીખમાં તેમને રસ નથી હોતો. તેઓ ખૂબ જ સ્વેકેન્દ્રીય હોય છે. પોતાના થોડા લાભ માટે બીજાને થતું અનેકગણું નુકસાન તેઓ નજર અંદાજ કરે છે. દેવું કરીને પણ ઘી પીવામાં માનનારા આ લોકો સ્વચ્છંદી બની પોતાના જીવનને વન જેવું બનાવે છે. વનમાં કોઈ કેડી કે રસ્તો નથી હોતો. નિબિડ અંધકાર હોય - રાની પશુઓનો ભય હોય. આવા વન જેવું જીવન હોઈ તેમનું કોઈ લક્ષ નથી હોતું. તેમને લક્ષ્ય નથી મળતું. શ્રીમહાપ્રભુજી જીવોની આ સૃષ્ટિને પ્રવાહી કહે છે. જેમ નદીના પ્રચંડ પ્રવાહમાં તણખલું ઘસડાતું જાય, પ્રવાહની સાથે સાથે તેમ આ પ્રવાહી જીવો પણ કાલપ્રવાહમાં તણાતા જાય છે.

બીજા વર્ગના જીવો પણ જીવન તો જીવે છે, પણ તે જીવન શાસ્ત્રોની આજ્ઞાને અનુસરીને જીવાતું હોય છે. સંતોની શીખથી આચરાતું હોય છે. આવું જીવન જીવવાનો તેમનો એક મકસદ હોય છે. તેઓને સ્વર્ગ પ્રાપ્ત કરવું છે. મોક્ષ મેળવવો હોય છે. આમ શાસ્ત્રોની મર્યાદા અનુસાર જીવનારા આ જીવોને જીવન ફલ જોઈએ છે, સ્વર્ગ કે મોક્ષના રૂપમાં આ સૃષ્ટિના જીવો તેમનું જીવન તપોવન જેવું કરે છે. તે વર્ગ અલ્પસંખ્યકોનો છે. આ જીવોના જીવનમાં કેન્દ્રસ્થાને કૃષ્ણ હોય છે. જીવન તો તે જીવો પણ શાસ્ત્રાજ્ઞાનુસાર જીવે છે. સંતો જે રસ્તો ચીંધે તે રસ્તે ચાલે છે. પણ આ આચરણો દ્વારા તેઓ પોતાના માટે કોઈ ફલનો બદલો નથી ઈચ્છતા. કૃષ્ણની પ્રસન્નતા જ એ તેમનું ધ્યેય હોય છે. જીવનની ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ તેઓ કૃષ્ણનિષ્ઠ જ રહે છે. શ્રીમહાપ્રભુજી

આને પુષ્ટિ જીવો કહે છે. આ સૃષ્ટિમાં કેન્દ્ર કૃષ્ણ જ હોવાથી તેમનાં જીવન મધુવન અને વૃંદાવન બની જાય છે.

શ્રીમહાપ્રભુજી પોતાના સેવકોને પોતાનાં જીવન વૃંદાવન-મધુવન બનાવવા રસ્તો બતાવે છે કે જીવનમાં વિવેક-ધૈર્યાશ્રય પ્રાપ્ત કરો. કૃષ્ણસેવા અને કથા કરો. આપશ્રીની આજ્ઞા છે ''કૃષ્ણસેવા સદા કાર્યા'' સદા કૃષ્ણસેવા કરવી જોઈએ. (સિદ્ધાંત મુક્તાવલી) ''સર્વદા'' સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ સ્વસ્યાયમેવ ધર્મોહિ નાયઃકવાપિકદાચન'' - સદાય સર્વભાવથી વ્રજાધિપની સેવા કરવી જોઈએ. આપણો તો આ જ ધર્મ છે. આનાથી જુદો ધર્મ ક્યારેય હોઈ ન શકે (ચતુઃશ્લોકી) શ્રીમહાપ્રભુજીએ ગૃહસ્થાશ્રમના પાલનની પણ આજ્ઞા કરી છે. ઘરમાં રહીને ઉપર બતાવેલા સ્વધર્મનું પાલન કરવું જોઈએ. ઘરનાં કાર્યો, વ્યવહાર અને વ્યવસાયનાં કાર્યો કરવાં જોઈએ, પણ સ્વધર્મ - કૃષ્ણસેવા તથા કૃષ્ણકથા મુખ્ય રાખીને બાકીનું બધું થવું જોઈએ. આ રીતે કૃષ્ણસેવા અને કથામાં આસક્તિ રાખીને જીવન જીવીએ તો આપણો નાશ થતો નથી. ''સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિ ર્દૃઢાભવેત્, યાવજજીવં તસ્ય નાશો ન કવાપીતિ મતિ ર્મમ ।।''

શ્રીમહાપ્રભુજી પોતાના સેવકોને આ માટે અંતઃકરણની શુદ્ધતા રાખવાનું કહે છે. અંતઃકરણની શુદ્ધતા માટે વિવેક, ધૈર્યાશ્રય જરૂરી છે. વિવેકધૈર્યાશ્રય સમજવા માટે આથી પહેલાં અંતઃકરણને વિષે થોડું સમજી લેવું જરૂરી છે. કરણ એટલે સાધન. ઈન્દ્રિય-રૂપી સાધન જે કાર્ય કરે છે. અંતઃ એટલે અંદરનું, બહારથી તે ન દેખાય. હાથ, પગ, પણ કરણ છે જે બહાર છે. જોઈ શકાય છે. અંતઃકરણ શરીરની અંદર છે તેથી જોઈ નથી શકાતું. અંતઃકરણ ચાર તત્ત્વોનું બનેલું છે. (૧) મન (૨) ચિત્ત (૩) બુદ્ધિ (૪) અહંકાર. હવે આપણે આ ચારેયના કાર્યનો વિચાર કરીએ.

(૧) મન : મન છે એટલે જ તે માનવ કહેવાય છે. શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે - 'મન એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયોઃ' બંધન અને મોક્ષનું કારણ મન જ છે. મન જ માનવીને ઈન્દ્ર જેવો ઉન્નત બનાવે છે અને શ્વાન જેવો અધમ બનાવે છે. મનોવૈજ્ઞાનિકો મનને માનસિક ક્રિયોઓનો અંક પુંજ ગણે છે. મનોવિજ્ઞાન અંતઃકરણનાં બાકીનાં ત્રણ તત્ત્વોનો સમાવેશ મનમાં જ કરે છે. ભારતીય તત્ત્વજ્ઞાનીઓ મનને અંતર્જ્ઞાન કરાવનારી સૂક્ષ્મ ઈન્દ્રિય કહે છે અને તેનું સ્થાન મગજ છે. મનનું કાર્ય વિવિધ ઈચ્છાઓ કરવાનું છે. આ ઈચ્છાઓ સારી પણ હોય, ખરાબ પણ હોય. જીવના અનેક જન્મો વ્યતીત થાય છે. કેટલાય જન્મોની દબાઈ ગયેલી વાસનાઓ, ન ભોગવી શકાયેલી વાસનાઓ, મનમાં ધરબાઈને રહે છે. તે વાસનાઓને પનપવા માટે યોગ્ય વાતાવરણ કે સંગ મળતાં તે વાસનાઓનાં બીજ અંકુરિત થઈ જાય છે. અધ્યાત્મના શિખરે પહોંચેલા ઘણા મનુષ્યોના અધઃપતનમાં આ પૂર્વ જન્મોની અધૂરી રહેલી વાસનાઓનાં દબાયેલાં બીજો એક જવાબદાર

કારણ હોય છે.

આપણને વિચાર થઈ શકે છે કે આટલી બધી વણભોગવાયેલી વાસનાઓ એક નાનકડી મન રૂપી સૂક્ષ્મ ઈન્દ્રિયમાં કઈ રીતે રહી શકે ? જો આપણે કોમ્પ્યુટરમાં એક નાની ચિપ્સમાં અસંખ્ય પ્રોગ્રામ ફીડ કરી શકતા હોઈએ તો, અચિંત્ય કાર્ય કરનાર પ્રભુની રચનામાં શું શક્ય નથી? પુરુષના એક શુક્રાણુમાં કેટલા બધા જીન્સ હોય છે. આ જીન્સ વ્યક્તિની ઊંચાઈ, બાંધો શરીરનો રંગ, આંખનો અને વાળનો રંગ, બુદ્ધિ, શારીરિક ખોડ વગેરે નક્કી કરી શકે તેવા સમર્થ હોય અને વિજ્ઞાન તેને સ્વીકારતું હોય તો મન અને તેમાં દબાયેલી વાસનાનાં બીજોનો સ્વીકાર પણ કરવો રહ્યો. એક તો આપણે કોની સાથે હરીએ ફરીએ છીએ તેના ઉપર સારી, નરસી ઈચ્છાઓ આધાર રાખે છે. અંગ્રેજીમાં કહ્યું છે ‘A man is known by the company he keeps’. બીજું દરેક વ્યક્તિમાં ષડ્રિપુ (કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર) છે. દરેક વ્યક્તિમાં વધતા ઓછા પ્રમાણમાં તે હોય છે. સારી-નરસી ઈચ્છા માટે તે પણ જવાબદાર છે.

(૨) ચિત્ત : ચિત્તનું કામ સંકલ્પ અને વિકલ્પ કરવાનું છે. મનમાં ઊઠેલી સારી ઈચ્છાઓને સ્વીકારવી તે સંકલ્પ છે અને ખરાબ ઈચ્છાઓને સ્વીકારવી તે વિકલ્પ છે. ધર્મથી જીવવું તે સંકલ્પ છે. અધર્મ આચરવો તે વિકલ્પ છે. ચિત્તમાં આનો સતત સંઘર્ષ ચાલ્યા જ કરે છે. ‘‘ત્યાગ ને રાગની વચ્ચે ચિત્ત એનું ઝૂરતું હતું.’’ આવું કોક કવિએ કહ્યું છે. હેમ્લેટમાં પણ ‘To be or not to be’ની વ્યથા છે જ. આથી જ ચિત્ત ચંચળ રહે છે. ખરેખર તો કોઈપણ કાર્યની સફળતા માટે ચિત્તનું એકાગ્રપણું ખૂબ જ આવશ્યક છે. શ્રીમહાપ્રભુજી તો ‘ચેતસ્તત્પ્રવણં સેવા’ એવો બોધ કરે છે. (સિદ્ધાંતમુક્તાવલી) ચિત્તનું પરોવાઈ જવું તે જ સેવા સોયમાં દોરો પરોવતી વખતે જે એકાગ્રતા હોય છે તેવી એકાગ્રતાથી કાર્ય થાય તો તે સેવા થાય, નહીં તો તે માત્ર ક્રિયા છે. કોઈપણ કાર્યમાં સાવધતા, ચિત્ત સ્થિર હોય તો જ શક્ય બને. સૌરાષ્ટ્રમાં થયેલા ગંગાસતી તો પોતાના દીકરાની વહુ પાનબાઈને સરસ શીખ આપે છે, ‘‘વીજળીને ઝબકારે મોતી પોરવજો પાનબાઈ.’’ વીજળી ક્ષણવાર ઝળકે છે. કાળા ડિબાંગ અંધકારમાં વીજળીના લસરકાનું તેજ થોડી પળો જ ટકે છે. આટલા અલ્પ સમયમાં મોતીને પરોવી લેવા માટે કેટલી બધી ચિત્તની એકાગ્રતા જોઈએ? વીજળીના ઝબકારા પહેલાં જ ચિત્તને એકાગ્ર કરવા કેટલું બધું કેળવવું પડે ?

(૩) બુદ્ધિ : સંકલ્પ અને વિકલ્પમાંથી શું પસંદ કરવું તે નિર્ણય બુદ્ધિ કરે છે. નિર્ણયશક્તિ એ બુદ્ધિનો પરિપાક છે. સંકલ્પ કરનારી બુદ્ધિ સદ્બુદ્ધિ છે. વિકલ્પ કરનારી બુદ્ધિ કુબુદ્ધિ છે. શ્રીભાગવત કહે છે કે અનેક જન્મના સંસ્કારો બુદ્ધિમાં હોય છે. આથી જ જેવી બુદ્ધિ તેવો નિર્ણય - એટલું તો નિશ્ચિત છે જ કે સદ્બુદ્ધિ ઈશ્વરકૃપા કે ગુરુકૃપાથી જ પ્રાપ્ત થાય

છે. જ્ઞાન એ બુદ્ધિનો વિષય છે. આપણી અંદર પણ સદ્જ્ઞાન અને સદ્બુદ્ધિ તથા અસદ્જ્ઞાન અને અસદ્બુદ્ધિ હોય છે.

(૪) અહંકાર : અહીં અહંકાર એટલે Ego નહીં. બુદ્ધિએ સારો-નરસો જે નિર્ણય લીધો તેને અમલમાં મુકાવનાર તત્ત્વ તે અહંકાર છે. આ અહંકાર, બુદ્ધિએ લીધેલા નિર્ણયને ઈન્દ્રિયો પાસેથી કાર્યાન્વિત કરાવે છે. આપણી ઈન્દ્રિયો આ અહંકારને તાબે છે.

આપણા પ્રત્યેક કાર્યમાં આમ અંતઃકરણનું Full Involvement છે. ખરેખર તે શરીરનો રાજા છે. મારા દૃષ્ટાંતથી હું અંતઃકરણનું કાર્ય સમજાવું. ક્લિનિક પરથી શારીરિક અને માનસિક થાક અનુભવી રાત્રે હું ઘરે આવું છું. રીલેક્ષ થવાની ઈચ્છા મન કરશે. રીલેક્ષ થવા માટે ટી.વી. જોઉં કે સંપ્રદાયનાં પુસ્તકો વાંચું ? મારા ચિત્તમાં વાંચનરૂપી સંકલ્પ અને ટી.વી. જીવોરૂપી વિકલ્પમાં દ્વંદ્વ શરૂ થતાં તે ચંચળ બનશે. હવે બુદ્ધિ જજ બનશે. તે વખતે મારામાં સદ્બુદ્ધિ હશે તો વાંચનનો સંકલ્પ સ્વીકારાશે અને આ નિર્ણય લેવાતાં અહંકાર મારા હાથને પુસ્તક લેવા તથા આંખોને તે વાંચવાનું કાર્ય કરાવશે.

મનોવિજ્ઞાન આ અંતઃકરણને મનથી પણ ઓળખે છે. તેમાં સતત ત્રણ પ્રકારની ક્રિયાઓ ચાલ્યા કરે છે. પ્રભુએ આ ત્રણ પ્રકારની ક્રિયાઓ માટે શરીરને ત્રણ અંગો આપ્યાં છે.

(૧) જ્ઞાનાત્મક - જાણવાની ક્રિયા તે માટે મસ્તક અંગ
(૨) ભાવાત્મક - પ્રેમની ક્રિયા તે માટે હૃદય અંગ
(૩) ક્રિયાત્મક - ક્રિયાઓ તે માટે હાથ પગ અંગ

વિવેકધૈર્યાશ્રય સમજ્યા પહેલાં અંતઃકરણ વિષે સમજ એટલા માટે જરૂરી છે કે જ્ઞાનથી વિવેક સિદ્ધ થાય, કર્મથી ધૈર્ય સિદ્ધ થાય અને ભક્તિથી (ભાવથી) આશ્રય સિદ્ધ થાય છે.

આમ તો આ મન જ આપણો રાજા બની જાય છે. પણ વિવેકધૈર્યાશ્રય સિદ્ધ થતાં આપણે મનને આપણા કાબૂમાં રાખી શકીએ છીએ અને તો આપણો વ્યવસાય અને જીવન આપણે સફળતાથી મેનેજ કરી શકીએ. પણ આ મનને જ વશમાં કરવું અઘરું છે.

શ્રીગીતામાં અર્જુનની પણ આજ મુશ્કેલી છે. શ્રીકૃષ્ણને તે કહે છે ‘ચંચલં હિ મનઃ કૃષ્ણઃ પ્રમાથિ બલવદ્ દૃઢમ્’ મન તો અસ્થિર છે તેનું નિયમન કેમ કરવું ? શ્રીકૃષ્ણ કહે છે. ‘અભ્યાસેન તુ કૌન્તેય વૈરાગ્યેણ ચ ગૃહ્યતે’ સતત અભ્યાસથી અને વૈરાગ્યથી મન કાબૂમાં આવે છે.

વૈરાગ્ય એટલે કૃષ્ણ કે કૃષ્ણ સંબંધ વગરની દરેક વસ્તુમાંથી આસક્તિ છોડી દેવી તે. અભ્યાસ એટલે સતત પ્રયત્ન-નિષ્ઠા હોય તો જ આ શક્ય બને. સમાજમાં ધાર્મિકતા તો વધતી દેખાય છે. ઘણી કથાઓ રામાયણ અને ભાગવતની થાય છે. ઘણા સત્સંગો થાય છે, પણ સમાજને ખાસ કોઈ પરિણામ મળતું લાગતું નથી. તેનું એક કારણ એ જ હોઈ

શકે - સાંભળનારની નિષ્ઠાનો અભાવ, સાંભળીને આપણે આપણા જ્ઞાનનો વધારો જરૂર કરીએ છીએ પણ સિદ્ધાંતોના આચરણમાં પ્રાયઃ આપણે ઊણા ઉતરીએ છીએ. મહાત્મા ગાંધી કહેતા કે ટનબંધ ભાષણો કરતાં અધોળ આચરણ વધુ જરૂરી છે. મનુષ્ય બુદ્ધિશાળી પ્રાણી જરૂર છે. પણ માત્ર બુદ્ધિથી જ તે અન્ય જીવો કરતાં જુદો નથી પડતો. મનુષ્યને જુદા પાડવા માટે બુદ્ધિ જ લક્ષણ છે તેવું કહી ન શકાય. મધપૂડો બનાવતી મધમાખી હેક્ઝાગોનલ શેપનું ઘર બનાવતી હશે તેની બુદ્ધિ કેવી? સરસ ઘર બનાવતી સુવરીની બુદ્ધિ કેવી? પોતાનાથી ઊંચકી ન શકાય તેવા ખાદ્ય પદાર્થોને ખેંચવા બીજી કીડીઓને બોલાવી લાવતી કીડીની બુદ્ધિ વિશે શું કહેવું? આથી જ માનવીની ઓળખનું લક્ષણ માત્ર બુદ્ધિ જ ન હોઈ શકે.

શાસ્ત્રો માનવીને અલગ પાડવા ધર્મનું લક્ષણ બતાવે છે.

આહારનિદ્રાભયમૈથુનં ચ
સામાન્ય મેતત્પશુભિર્નરાણામ્ ।
ધર્મો હિ તે ષાં ત્ધાધિકો વિશેષ :
ધર્મેણ હીના : પશુભિઃ સમાના : ।।

આહાર, નિદ્રા, ભય અને મૈથુન પશુ તથા મનુષ્યોમાં સામાન્ય છે, મનુષ્યમાં ધર્મ અધિક છે. ધર્મ વગરના (મનુષ્યો) પશુ જેવા છે.

આ ધર્મ એટલે વાતોનો વિષય નથી. આચરણનો વિષય છે અને આ આચરણ માટે નિષ્ઠા જોઈએ અને આવી જ નિષ્ઠાવાળા સતત અભ્યાસથી આપણે વિવેકધૈર્યાશ્રય સિદ્ધ કરવા જોઈએ. નિષ્ઠા એટલે જ ''નિતરાં સ્થિતિઃ'' પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ વિવેકધૈર્યાશ્રય માટે પ્રયત્નો છોડી દેવાય નહીં.

હવે આપણે વિવેકનો વિચાર કરીએ :

વિવેકના ઘણા અર્થો જોવા મળે છે.

(૧) સામેની વ્યક્તિ સાથે આપણે વ્યવસ્થિત વ્યવહાર કરીએ તેને લૌકિકમાં વિવેક કહે છે. વાતચીત અને વ્યવહારકુશળ વ્યક્તિઓ ઘણી જોવા મળે છે. શ્રીકલ્યાણજીભાઈના વ્યવહાર વિવેકની વાત યાદ આવે છે. સંગીતકાર કલ્યાણજી-આણંદજીને બધા જાણે છે. એકવાર એક ફિલ્મના ડાયરેક્ટર કલ્યાણજીભાઈનો મળવા આવ્યા. કહ્યું કે ''કલ્યાણજીભાઈ, એવું મ્યુઝીક આપો કે પિક્ચર ચાલે - શ્રીકલ્યાણજીભાઈએ કહ્યું મારી પાસે ત્રણ પ્રકારના મ્યુઝીકની વ્યવસ્થા છે, એક એલોપથી મ્યુઝીક, બીજું આયુર્વેદિક મ્યુઝીક, ત્રીજું હોમિયોપેથીક મ્યુઝીક. તમારે કયું જોઈએ છે? ડાયરેક્ટર માથું ખંજવાળવા લાગ્યો અને આ ત્રણ પ્રકારના મ્યુઝીક વિષે સમજ માંગી. કલ્યાણજીભાઈએ આગવી

છટાથી કહ્યું કે મારકેટમાં મુકાતાં જ જે ફટાફટ ચાલે તે એલોપથી મ્યુઝીક. માર્કેટમાં મુકાય પછી જે ધીરેધીરે ઊંચકાય તે આયુર્વેદિક મ્યુઝીક. હવે ડાયરેક્ટર અધીરો થઈ ગયો અને તરત પૂછી બેઠો હોમિયોપેથીક મ્યુઝીક તો કોને કહેવાય ? કલ્યાણજીભાઈ કહે કે તે મ્યુઝીક માર્કેટમાં ચાલે કે ન પણ ચાલે, કોઈ ગેરંટી નહીં.

આ વ્યવહારનો વિવેક.

(૨) વિવેકનો બીજો અર્થ સંસ્કાર અને ચારિત્ર્ય સાથે સંકળાયો છે. ઘણા લોકો સાથે આપણે સંબંધો રાખવા પડે છે, પણ ઘરોબો તો સંસ્કારી અને ચારિત્ર્યવાળાનો જ આપણે કેળવીએ છીએ. કોકવાર સંસ્કારવિહીન અને હીન ચારિત્ર્યવાળા સંજોગવશાત્ સમાજના મોભીઓ બનતા હોય છે. સમાજના એક અંગ તરીકે આપણે તેમનો પરિચય રાખીએ છીએ, પણ નિકટતા તો પ્રાયઃ આપણે ઈચ્છતા નથી જ. ‘If character is lost, everything is lost’. બીજા તરફનું સંસ્કારી અને પરોપકારી વર્તન હોવાથી રામને આપણે વિવેકી પુરુષ પણ કહીએ છીએ.

(૩) શાસ્ત્રોમાં નિત્ય અને અનિત્ય વસ્તુઓનો વિચાર કર્યો છે. તે બે વચ્ચેનો ભેદ ઓળખવો તે વિવેક. તે નીરક્ષીર વિવેક તરીકે પણ ઓળખાય છે. હંસ દૂધ અને પાણીને છૂટા પાડે છે.

(૪) શબ્દકોશ પ્રમાણે વિવેકનો એક અર્થ એકાંત છે.

(૫) એક અર્થ પાણીનું પાત્ર છે.

(૬) એક અર્થ વિચાર છે.

શ્રીમહાપ્રભુજી આ બધા અર્થોમાંથી વિવેકનો અર્થ વિચાર તરીકે સ્વીકારે છે. બધા વિચારો વિવેક થઈ ન શકે. પણ ઉન્નત વિચારો માટે વિવેક શબ્દ ઉપયોગમાં છે. શ્રીમહાપ્રભુજીએ બતાવેલ સિદ્ધાંતોનું આચરણ કરતાં કરતાં પ્રભુમય થઈ જવાના વિચારો તે જ વિવેક. આમ વિવેક તે વૈચારિક સભ્યતા અને સંસ્કારો છે. સદ્‌વિચારોનું ઘડતર એ વિવેક છે. આવો આ વિવેક બુદ્ધિ સાથે, બુદ્ધિ સાથે, જ્ઞાન સાથે સંકળાયો છે. આથી જ આપણી બુદ્ધિને પ્રભુમય બનાવવા માટે શ્રીમહાપ્રભુજીએ કેટલાક વિવેકો સમજાવ્યા છે. ઉપનિષદકાળના ઋષિઓ પણ ‘આનો ભદ્રાઃઋતવો યન્તુઃ સર્વતઃ’ ચારે બાજુથી અમને સારા વિચારો પ્રાપ્ત થાવ તેવું ઈચ્છતા હતા.

વિવેક શબ્દની વ્યુત્પત્તિ સમજીશું તો મહાપ્રભુજીએ પ્રબોધેલા વિવેકો વધુ સ્પષ્ટ સમજાશે.

વિગતં વં સુખં યસ્માત્ વિવં તસ્મિન્ વિવેકં સુખં યેન સઃવિવેકઃ

અર્થાત્ : જેમાં સુખ અને આનંદ અનુભવ નથી આપતા, તિરોહિત થઈ ગયા છે તેમાં જે સમજથી, જે બુદ્ધિ નિર્ણયથી, જે વિચારથી સુખ અને આનંદનો અનુભવ થાય તે વિવેક

કહેવાય.

આવા વિવેક માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે, ‘‘વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ’’

જીવનની હરપળ, વ્યવહાર અને વ્યવસાયમાં વિવેક, ધૈર્ય તથા આશ્રય રક્ષણ કરવા યોગ્ય છે. તેમાં વિવેક છે - ‘શ્રીહરિ પોતાની ઈચ્છાથી સર્વ કંઈ કરશે. અહીં બે પ્રકારના વિવેકો સ્ફૂટ થાય છે. (૧) શ્રીહરિ જ સર્વત્ર અને સર્વરૂપ છે. (૨) શ્રીહરિ પોતાની જ (પોતાના સ્વકીયોની પણ) ઈચ્છાથી સર્વકાંઈ કરે છે.

ભગવાનનાં તો ઘણાં નામો છે. ઘણાં કામો પણ છે. કોક ભક્તે ગાયું છે, ‘‘હરિ તારાં નામ તો હજાર, કયા નામે લખવી કંકોત્રી’’. અસંખ્ય નામો પૈકી શ્રીમહાપ્રભુજી અહીં ખૂબ જ સૂચક હરિ શબ્દનો ઉપયોગ કરે છે.

મહાભારતમાં યુધિષ્ઠિરજી શ્રીકૃષ્ણને પૂછે છે કે તમે હરિ કેમ કહેવાયા ? શ્રીકૃષ્ણ પ્રત્યુત્તરમાં કહે છે, ‘‘હરિત રંગ મને ગમે છે માટે હું હરિ છું. યજ્ઞની સામગ્રીનું હરણ કરું છું માટે હું હરિ છું.’’ શ્રીમહાપ્રભુજી પોતાના સેવકોને ભગવાનના ભક્ત થવાનું કહી આશ્વાસન આપે છે કે ભગવાનને ભજશો એટલે હરિ જ બધાં દુઃખો હરી લેશે. જરૂર છે ભગવાનના થઈ જવાની. આના માટે બુદ્ધિને કેળવો અને જુઓ કે આ જગતમાં સર્વત્ર હરિ જ વિલસે છે. દેખાતા જડ-ચેતન પદાર્થો પણ હરિ જ છે.

ભક્તકવિ નરસિંહ મહેતાએ પણ આજ ગાન કર્યું છે, ‘‘અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે.’’

શ્રુતિ પણ કહે છે, ‘‘સર્વંખલ્વિદં બ્રહ્મ’’ આ સઘળું બ્રહ્મ જ છે.

વેદનું આ બ્રહ્મ જ શ્રીગીતામાં પરમાત્મા છે અને શ્રી ભાગવતમાં ભગવાન છે. શ્રીભાગવતમાં આવી આજ્ઞા છે, ‘‘વદન્તિ તતત્ત્વવિદસ્તત્ત્વં યજ્જ્ઞાનમદ્વયં બ્રહ્મેતિ-પરમાત્મેતિ-ભગવાનિતિ શબ્દ્યતે’’

આ પરમ તત્ત્વ જ સચ્ચિદાનંદ છે. પોતાના ભક્તોનાં દુઃખ દૂર કરવા તે હરિ બને છે. શ્રીભાગવતના આઠમા સ્કન્ધમાં ગજેન્દ્ર આખ્યાન છે. હાથીને મગરની પકડમાંથી છોડાવનાર આ હરિ જ છે.

આવા સચ્ચિદાનંદમાં સત્, ચિત્ તથા આનંદ પરસ્પર સાથે વણાયેલા છે. સદ્ અંશમાંથી જડ જગત બને છે. જડ પદાર્થોમાં ચિદ્ અને આનંદ અંશ તિરોહિત હોય છે. અર્થાત્ હોય ખરો પણ અનુભવ આપે નહીં. જડ પદાર્થોમાં મહાપુરુષો તિરોહિત ચિદ્ અંશનો આવિર્ભાવ કરાવી અનુભવે યોગ્યતા કરાવે તો તે જડ પણ ચૈતન્યયુક્ત થઈ જાય છે.

કૃષ્ણના વેણુનાદમાં એ તાકાત હતી જે સ્થાવરને જંગમ બનાવતી.

આજથી આશરે ૫૦૦ વર્ષ પહેલાં શ્રીમહાપ્રભુજી વ્રજમાં પધારેલા. અહીં બહુલાવન કરીને પ્રદેશ છે. અહીંના વ્રજવાસીઓ અહીં બહુલા નામની ગાયની પથ્થરની મૂર્તિ બનાવી તેની પૂજા કરતા હતા. તેની પાછળ એક ઐતિહાસિક સત્ય ઘટના સંકળાયેલી હતી.

હજારો વર્ષ પહેલાં આ સ્થળે બહુલા નામની ગાય રહેતી હતી. રોજ અન્ય ગાયો સાથે વનમાં ચરવા જાય. સાંજે પાછી આવે. આ ગાયને એક વાછરડી જન્મી. એકવાર સાંજે બીજી ગાયો સાથે તે પાછી ફરતી હતી ત્યાં એક સિંહ આવ્યો. બીજી ગાયો ભાગી ગઈ બહુલા ગાય પકડાઈ ગઈ. સિંહ તેને મારવા તૈયાર થયો. ગાયે કહ્યું ઘરે મારું વાછરડું ભૂખ્યું થયું હશે, મારી રાહ જોતું હશે. તું મને છોડ. હું વાછરડાને દૂધ પીવડાવી પાછી અહીં આવીશ. સિંહે ગાયને છોડી દીધી. ગાય ગઈ, વાછરડાને દૂધ પીવડાવી પાછી આવી. સિંહ ખુશ થયો. સિંહરૂપે તે દેવતા હતા. ગાયની આવી સત્યતા જોઈ સિંહે તેને છોડી દીધી. ગામના લોકોએ આ બહુલા ગાયની પૂજા શરૂ કરી. સમય જતાં ગાય મરી ગઈ. ગ્રામજનોએ તે ગાયની મૂર્તિ બનાવી તેની પૂજા શરૂ કરી.

શ્રીમહાપ્રભુજી વ્રજમાં પધાર્યા હતા. ત્યારે વ્રજમાં મુસ્લીમ સુબાનું રાજ્ય હતું. મુસ્લીમો મૂર્તિપૂજામાં નથી માનતા. તેથી હિંદુઓને કનડવા તેણે ફરમાન કર્યું કે આ પથ્થરની ગાય ઘાસ ખાય તો જ તેની પૂજા કરવા દઉં. શ્રીમહાપ્રભુજી બહુલાવન પધાર્યા. પથ્થરની આ જડ ગાયમાં આપશ્રીના સામર્થ્યથી તિરોહિત ચિદ્અંશ પણ પ્રકટ કર્યો. ઘાસ નીર્યું, ગાયના પૂંછડાના ભાગે અને ગાય ફરીને મોંથી ઘાસ ખાવા લાગી. નૃસિંહ પણ પથ્થરમાંથી જ પ્રકટયા, સચ્ચિદાનંદના ચિદ્ અંશમાંથી ચૈતન્યવાળી જીવસૃષ્ટિ બની. જીવમાં સદ્ અને ચિદ્ બંને અંશો છે. આનંદ અંશ ગુપ્ત રીતે હોય છે. શાસ્ત્રો આ ગુપ્ત આનંદને અંતર્યામી તરીકે ઓળખે છે. જીવોનો આ ગુપ્ત આનંદ પણ પ્રભુ કે ગુરુ જ્યારે પ્રક્ટ કરે ત્યારે તે જીવ પણ સચ્ચિદાનંદ રૂપ જ બની જાય છે. આથી જીવ ભગવાનનો અંશ છે. ભગવાન અંશી છે. શ્રીગીતામાં શ્રીકૃષ્ણે આવું જ્ઞાન કરાવતાં કહ્યું ''મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ''

શ્રીમહાપ્રભુજી આપશ્રીના સેવકોને આથી આજ્ઞા કરે છે કે સર્વત્ર અને સર્વરૂપે હરિ જ વિલસે છે. આ ખુરશી તે મારા હરિનો સદ્અંશ છે. વ્યવહારમાં અને વ્યવસાયમાં જેના સંપર્કમાં તું આવે, જેમને તું મળે તે દરેકમાં આ દૃષ્ટિ રાખજે, તો તને આનંદ મળશે. મારા સંપર્કમાં આવનાર વ્યક્તિઓ મારા તરફ ગમે તેવું વર્તન છોને કરે, ભલે મને ન ગમતું કરે, મને અન્યાય કરે પણ વાસ્તવમાં તે બધું મારી સાપેક્ષ દૃષ્ટિના લીધે છે. નિરપેક્ષ દૃષ્ટિથી તો આ બધા પ્રભુના અંશ છે. તેથી તેમના ગેરવર્તનથી મારે દુઃખી ન થવું

જોઈએ. આ દૃષ્ટિ સતત અભ્યાસથી કેળવાય છે અને તેથી સંઘર્ષો ઓછા થશે.

અગત્યની વાત તો એ છે કે આ જગત પ્રભુનું ક્રીડાંગણ છે. પ્રભુ તેમાં ખેલે છે. લીલા કરે છે. લીલા એટલે જ હર્ષપૂર્વક થતી પ્રભુની સહજ ચેષ્ટાઓ. વિશ્વમાં ઘટતી કે વ્યક્તિગત જીવનમાં ઘટતી ઘટનાઓ પ્રભુની લીલા જ છે. પ્રભુ આનંદ સ્વરૂપ છે. તેમની આ લીલાઓ પણ આનંદસભર જ હોય.

એક નાનું બાળક રમકડાંથી રમતાં રમતાં બે રમકડાંને ભેગાં પણ કરે કે બે રમકડાંને દૂર પણ કરે. અરે રમકડાંને ભાંગી પણ નાંખે. આ બધી ઘટનામાં આપણી દૃષ્ટિ સુખ, દુઃખ શોધશે. બાળક માટે તો આ ત્રણે પ્રકારમાં માત્ર આનંદ જ છે. બાળક પોતાની ઈચ્છાથી જેમ ખેલવું હશે તેમ ખેલશે.

વિશ્વમાં થતી કે આપણા જીવનમાં ઘટતી ઘટનાઓ માટે આવી વિવેકબુદ્ધિ જરૂરી છે. એવી સમજ કેળવવી રહી કે પ્રભુ પોતાની ઈચ્છાથી જ સૌ કંઈ કરે છે.

પ્રભુથી સૌ થાય કંઈ, અમથી ન થાય કંઈ
રાઈનો પર્વત કરે, પર્વત બાગની માંહી

પ્રભુ જેટલા સ્વતંત્ર છે તેટલી જ તેમની ઈચ્છા પણ સ્વતંત્ર છે. મહાપુરુષો કહે છે કે કદાચ ભગવાન સમજાય, પણ ભગવાનની ઈચ્છા ન સમજાય. આ ઈચ્છા તે ભગવાનની શક્તિ છે. ઈચ્છાશક્તિથી ભગવાન ક્યારે, ક્યાં, કેવા પ્રકારની કેટલી લીલા કરશે તે કળવું અશક્ય છે.

આ વિશ્વની રચના પણ એક Mega Industry જ લાગે છે. એ વિશાળ ઔદ્યોગિક એકમમાં ત્રણ વિભાગ હોય. પ્રોડક્શન, મેઈન્ટેનન્સ અને ક્વૉલીટી કંટ્રોલ. પ્રોડક્શન વિભાગમાં માલ ઉત્પન્ન થાય. મેઈન્ટેનન્સ વિભાગ સમગ્ર ફેક્ટરીની કાર્યક્ષમતા તથા તેની સ્થિતિ બની રહે છે. તેનો ખ્યાલ કરે. પ્લાન્ટને જીવાડવાનું કામ આ વિભાગનું છે. ક્વૉલીટી કંટ્રોલ પણ અગત્યનો ભાગ છે. ક્વૉલીટી સારી ન હોય તેવા માલનો નાશ કરવાનું અને આ રીતે ક્વૉલીટી મેઈન્ટેઈન કરવાનું કામ તે વિભાગ કરે છે.

પ્રભુએ બનાવેલ આ વિશ્વરૂપી એકમમાં પણ એક ભાગમાં જીવોનું પ્રોડકશન થાય છે. તે વિભાગના ઈન્ચાર્જ બ્રહ્માજી છે. ઉત્પન્ન થયેલા જીવોનું લાલન પોષણ થાય છે. વિષ્ણુજી તે કાર્યના ઈન્ચાર્જ છે અને ક્વૉલીટી જળવાઈ રહે તે માટે ડીફેક્ટીવ માલનો નાશ કરવા, જીવોનો નાશ પણ થાય છે. આ વિભાગ સદ્-મહાદેવ સંભાળે છે.

અંગ્રેજી GOD શબ્દમાં G - Generate, O - Operate, અને D - Destruction સાથે જ સંકળાયેલા હોય તેવું લાગે છે.

આવા સર્વસમર્થ હરિની ઈચ્છા વગર ઝાડનું પાંદડું પણ હાલી શકતું નથી. આથી જ જગતના તમામ જીવો જે કંઈ કરી શકે છે તે પ્રભુ કરાવે છે અને થાય છે. જીવથી વાસ્તવમાં કંઈ થઈ શકતું નથી. ''હરિનો મનસૂબો હર બ્રહ્માથી નવ ટળે. ચિત્ત તું શીદને ચિંતા કરે, કૃષ્ણને કરવું હોય તે કરે''. આથી જ્યારે કોઈ આપણી સાથે દુર્વ્યવહાર કરે ત્યારે એવો વિવેક કરીએ કે આ વ્યક્તિને હરિ જ આવી પ્રેરણા આપીને વર્તન કરાવે છે. આથી આમાં જરૂર મારું કંઈક હિત જ હોવું જોઈએ અથવા આ રીતે પ્રભુ મારી કોઈ ભૂલ સુધારવા માંગતા હશે. મારું વધુ સારું ઘડતર કરવા ઈચ્છતા હશે.

શ્રીમહાપ્રભુજી આજ વાત પોતાના શુદ્ધાદ્વૈત સિદ્ધાંતમાં સ્વીકારે છે. કહે છે, ''નમો ભગવતે તસ્મૈઃ કૃષ્ણાયાદ્ભુતકર્મણે । રૂપનામ વિભેદેન જગત્ ક્રીડતિ યો યતઃ ।।

શ્રીકૃષ્ણ અદ્ભુત કર્મ કરનારા છે. તેજ જુદા-જુદા રૂપોથી અને નામોથી જગતમાં ક્રીડા કરે છે. આવા કૃષ્ણની અમે સ્તુતિ કરીએ છીએ.

શેક્સપિયરે પણ પોતે લખેલ નાટકમાં કહ્યું કે, ''All the world is a stage, And all the man & women merely players'' વિશ્વના આ રંગમંચ ઉપર જે ખેલ ભજવાઈ રહ્યો છે, તેના પ્રોડયુસર, ડીરેક્ટર, ફાઈન્નાસર હરિ જ છે. વાર્તા અને સંવાદ પણ તેમના લખેલા છે. સંગીતકાર પણ તે જ છે અને તે જ જુદા-જુદા જીવો અને જડ સ્વરૂપે અહીં ખેલ કરી રહ્યો છે. આપણે તો તે હરિનું ઘડેલું એક પાત્ર છીએ. તેમાં આપણે જે પાત્ર ભજવવાનું છે તે રસ ભરેલો છે. તેના ઈશારે આપણે પાત્ર ભજવી રહ્યા છે. આપણે જંત્ર છીએ તે જંત્રી છે. તે જેમ વગાડે તેમ આપણે વાગીએ છીએ.

હરિ જંત્રી, તું જંત્ર છે, તેમ વાજે વજાડે જ્યંમ
કાષ્ઠ પૂતળી નૃત્ય કરે, સૂત્રધાર નચાવે ત્યંમ

ત્યમ વિધિ નિષેધ સૌ હરિ હાથે, તું મિથ્યાતાણી લે શીદ માથે ?

વિચાર જો જીવનું કર્યું હોય, તો દુઃખી જગતમાં થાય ન કોય (ભક્તિપોષણ)

રંગમંચ પર ભજવાતા નાટકમાં હીરો પણ હોય, સાઈડ હીરો પણ હોય, વિલન પણ હોય. બધા પોતે પોતાના કીરદાર ડાયરેક્ટરની સમજ પ્રમાણે સુંદર રીતે ભજવે છે. ખરાબ કામ કરતો વિલન હીરોની શોભા બને છે. સારું કામ કરતો હીરો વિલનની શોભા બને છે અને બંને નાટકની શોભા બને છે. આપણે આ નાટકને પ્રેક્ષક બની સાક્ષીવત્ માણીએ છીએ.

વિશ્વમંચ પર બસ આજ રીતે પ્રભુએ જુદાં-જુદાં પાત્રો ઘડયાં છે અને પ્રભુ તેની કૃતિને માણી રહ્યો છે. સમગ્ર જગત ભગવત્ કાર્ય છે. આ વિશાળ ભગવત્ કાર્યમાં આપણે જે

આપણો પાઠ ભજવી રહ્યા એ તે તો એક ભગવત્ કાર્યનો એક નાનો અંશ માત્ર છે.

સમગ્ર વિશ્વ જ્યારે પ્રભુના ઉદરમાં હતું ત્યારે આદિમાં પણ આજ પરમતત્ત્વ હરિ હતા. વિશ્વને ઉત્પન્ન કરીને મધ્યમાં પણ વિવિધ રૂપ અને નામથી આજ હરિ રહે છે અને અંતમાં જ્યારે આ વિશ્વ પ્રભુમાં લય પામી તિરોહિત થશે ત્યારે પણ માત્ર આ હરિ જ હશે.

આમ આપણી બુદ્ધિને આપણે એવી ઘડીએ કે સર્વત્ર, સર્વરૂપે અને સ્વઈચ્છાથી લીલા કરતો હરિ જ દેખાય. કલાપી કવિ કહે છે તેમ, ''જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની''. બસ દૃષ્ટિ આવી બની ગઈ તો વ્યવસાયમાં અને વ્યવહારમાં વિસંવાદિતા સર્જાવાની પરિસ્થિતિ ઊભી નહીં થાય. આટલા વિચારો પછી આપણે શ્રીમહાપ્રભુજીએ દર્શાવેલા બે વિવેકો વાગોળી લઈએ (૧) હરિ જ વિશ્વમાં સર્વત્ર અને સર્વરૂપે વસે છે. (૨) હરિની ઈચ્છા પ્રમાણે જ બધું બને છે.

માનવ જાણે હું કરું પણ કરતલ દૂજો કોઈ
આદર્યા અધુરા રહ્યા, મારો હરિ કરે સો હોઈ.

શ્રી મહાપ્રભુજી જ્યારે વિવેકની વાત કરતા હોય ત્યારે અવિવેક કોને કહેવો તે પણ શ્રીમહાપ્રભુજી સમજાવે છે. આ અવિવેક ત્રણ પ્રકારના છે. (૧) પ્રાર્થના (૨) અભિમાન (૩) હઠ

વિવેકધૈર્યાશ્રયના બીજા શ્લોકમાં શ્રીમહાપ્રભુજી અજ્ઞા કરે છે, ''પ્રાર્થિતે વા તતઃ કિં સ્ધાત્ સ્વામ્યભિપ્રાયસંશયાત્ ।

સર્વત્ર તસ્ય સર્વં હિ સર્વસામર્થ્યમેવ ચ ।।૨।।

આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજી આપણો સંબંધ પ્રભુ સાથેનો કેવો છે ? તે સમજાવે છે અને સર્વત્ર બધું જ પ્રભુનું છે અને પ્રભુ સર્વ સામર્થ્યયુક્ત હોવાથી બધું જ પ્રભુ આપવા સમર્થ છે. તે પણ સમજાવે છે.

શ્રીમહાપ્રભુજી કહે છે કે પ્રભુ આપણા સ્વામી છે અને આપણે પ્રભુના સેવક છીએ. આમ પ્રભુ સાથેનો આપણો સંબંધ સ્વામી સેવકનો થયો. હવે આપણા લૌકિક વ્યવહારમાં પણ આપણે જોઈએ છીએ કે માલિક પોતાના ચાકરોનું ધ્યાન રાખે જ છે. આ હું એક આદર્શ માલિક ચાકરની વાત કરું છું. ચાકરને તે માલિક પોતાનો આશ્રિત સમજીને એનું સારી રીતે ધ્યાન રાખે છે. આથી જ માંગમાંગ કરનાર ચાકરો તેને ગમતા નથી.

આપણા સ્વામી તો પ્રભુ છે. તે તો અલૌકિક છે પોતાના સેવકને ક્યારે શું જોઈશે ? તેની તેમને ખબર જ હોય છે. યોગ્ય સમયે યોગ્ય વસ્તુ પોતાના સેવકોને તે આપે જ છે. પણ ઘણીવાર આપણે ઉતાવળા થઈ જઈએ છીએ. આપણા અલૌકિક સ્વામીના અભિપ્રાયમાં

સંશય કરીએ છીએ અને પ્રાર્થના પણ કરી બેસીએ છીએ. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે. પ્રાર્થના કરવી તે અવિવેક છે. અહીં પ્રાર્થનાનો અર્થ - પ્રયત્નેન અર્થ્યતે યયા સા પ્રાર્થના - પ્રયત્નથી માંગવું તે છે. આપણા હૃદયના તારને પ્રભુ સાથે જોડતી પ્રાર્થનાની આ વાત નથી. આપણા સ્વામી આપણું યોગ્ય જ કરશે તેવું આપણે નહીં સ્વીકારતાં માંગણ બની જઈએ છીએ. શ્રીમહાપ્રભુજીને આ અભિપ્રેત નથી. આપણે તો પાછા વધુ ચાલાક છીએ. આપણી માંગણીમાં પ્રાયઃ લાંચની વાત પણ આવી જાય.

હનુમાનજીનો એક ભક્ત હતો. હનુમાનજીને તેણે પ્રાર્થના કરી, ‘હે હનુમાન દાદા, મને ૨૫ લાખની લોટરી લાગે એવું કરો. હું તમને બે ડબ્બા તેલના ચઢાવીશ, હનુમાન દાદાએ કહ્યું એના કરતાં હું તેટલા પૈસામાં તેલના બે કૂવા ના કરાવી લઉં?

આપણા સ્વામી આપણા મા-બાપ જેવી હૂંફ આપે છે. મા-બાપ ગમે તેવી આર્થિક તકલીફમાં પણ પોતાનાં બાળકોની યોગ્ય ખબર લઈ, સારસંભાળ કરતાં જ હોય છે. હવે આમ છતાં તેમનો છોકરો જ્યાં ત્યાં માંગતો રહે તો મા-બાપને કેવું લાગે?

આપણા બધાંની દશા પ્રાયઃ પેલા ભણતા છોકરા જેવી છે. એક છોકરાને તેના પિતાએ કહ્યું, ‘જો તું પ્રથમ નંબરે પાસ થઈશ તો તને સાયકલ અપાવીશ.’ વાર્ષિક પરીક્ષાના પરિણામમાં છોકરો નાપાસ થયો. પિતાએ આમ થવાનું કારણ પૂછયું, ‘છોકરાએ જવાબ આપ્યો તમે સાયકલ અપાવવાના હતા’ પણ મને ચલાવતા ન આવડે તો શા કામની? આખું વર્ષ સાયકલ ચલાવતાં શીખ્યો. સેવક તરીકે આપણે નિષ્ઠાપૂર્વક આપણા સ્વામીને પ્રસન્ન રાખવાના છે. સ્વામીને જે કરવાનું છે તે તો તે કરતા હતા, કરી રહ્યા છે અને કરશે જ.

શ્રીમહાપ્રભુજીએ આજ વાત અન્તઃકરણ પ્રબોધ ગ્રંથ (વિવેકધૈર્યાશ્રય પહેલાના)માં પણ કરી છે. ત્યાં આપશ્રી કહે છે કે, ‘‘સત્યસંકલ્પતો વિષ્ણુ ર્નાન્યથા તુ કરિષ્યતિઃ’’.

ભગવાન સત્ય સંકલ્પ છે તે અન્યથા નહીં જ કરે, અને તેથી

‘‘આજ્ઞૈવ કાર્યા સતતં સ્વામિદ્રોહોઽન્યથા ભવેત્’’
સેવકસ્ય તુ ધર્મોઽયં, સ્વામી સ્વસ્ય કરિષ્યતિ

અર્થાત્

સ્વામીની આજ્ઞાનું પાલન સતત કરવું જ રહ્યું. તેમ ન કરીએ તો આપણે સ્વામીનો દ્રોહ કરીએ છીએ. સેવકનો ધર્મ તો સ્વામીની આજ્ઞાનું પાલન કરવું તે જ છે. સ્વામી પોતે જ બધું સેવકનું સારું જ કરશે.

આની, પાછળનું કારણ શ્રીમહાપ્રભુજી બતાવે છે કે આ સ્વામી તો સર્વસામર્થ્યયુક્ત છે. તેઓ સર્વ કાંઈ કરવા સમર્થ છે અને સર્વત્ર બધું એમનું જ છે. આથી આપણે પ્રભુ પાસે

કંઈપણ પ્રાર્થના ન કરવી. કંઈ આપીને કંઈક લેવું તે તો વણિક વૃત્તિ છે, પ્રહલાદજી અસુર કુળમાં જન્મેલા પણ ભક્ત હોવાથી તેઓ પણ આવી give and takeની વણિક વૃત્તિને સ્વીકારતા નથી. સહજતાથી મળતી વસ્તુમાં જે આનંદ છે તે માંગવાથી મળતી વસ્તુમાં ન જ આવે, કબીરજીએ પણ આજ વાત કહી છે, ‘‘સહજ મિલે સો દૂધ બરાબર, માંગને સે મિલે પાની, ખીંચને સે મિલે ખૂન, યહ કબીરકી જીબાની’’.

જે વસ્તુ સહજ પ્રાપ્ત થઈ તેની કિંમત દૂધ જેવી છે. માંગવાથી મળ્યું તો પાણી બરાબર, ખૂબ ધમપછાડા કરો, મેળવવા આડાવળા પ્રયત્નો કરો ને મળ્યું તો તેની કિંમત ખૂન બરાબર.

આપણા સ્વામી પ્રભુનું સામર્થ્ય કર્તું, અકર્તું અન્યથાકર્તુંવાળું છે. ભવિતું, અભવિતું અન્યથા ભવિતુંવાળું છે. કરવાનું કરે, કરવાનું ન પણ કરે અને વળી જે રીતે થતું હોય તેનાથી અન્ય રીતે પણ કરે. જે થવાનું છે તેને થવા દે, થવાનું ન પણ થવાદે અને જે રીતે થતું હોય તેનાથી અન્ય રીતે પણ થવા દે.

લૌકિકમાં પણ માંગ માંગ કરનાર ચાકરથી માલીક અપ્રસન્ન જ થાય છે. અલૌકિક સ્વામી પણ માંગવાથી અપ્રસન્ન થાય જ ને ? કદાચ લૌકિક સ્વામી પાસે માંગવું પડે પણ અલૌકિક સ્વામી તો માંગવા જેવું રાખતા જ નથી. દયારામભાઈ પણ સ્વામી સેવકના સંબંધને આ રીતે સમજાવે છે.

પ્રભુ પાસે કંઈના માંગીએ, માંગ્યે પસ્તાવો થાય
ઉદાસી આવે નાથને, વેપાર સરીખું જણાય

જણાય એહેવું માટે રખે જાચો, સેવો શ્રીકૃષ્ણ ધરી સ્નેહ સાચો

વણમાગ્યે સહુ આપે એ સ્વામી, નથી અજાણ્યા અંતર્યામી (ભક્તિપોષણ(૯૨))

પ્રભુ આપણા સ્વામી છે. તે જ આપણા અંતર્યામી છે. આથી ઘટ ઘટની રજે રજની માહિતી તેમને છે જ. માટે માંગવું નહીં. માંગવા માટે પ્રાર્થના કરવી તે અવિવેક. પ્રાર્થના ન કરવી તેથી વિવેક. આમ અહીં બીજા બે વિવેક બતાવ્યા. પ્રભુ આપણા સ્વામી છે તેમની પાસે પ્રાર્થના કરવી નહીં અને એ વિવેક રાખવો કે સર્વત્ર બધું પ્રભુનું છે. પ્રભુ સર્વસામર્થ્યવાળા છે.

ઘણીવાર અમે મેડીકલ પ્રેક્ટીસમાં અનુભવીએ છીએ કે સીરીયસ દર્દી હોય, બધી જ આશા મૂકી દીધી હોય, તે બીજે દિવસે સામે ચાલીને મળવા આવે અને જેને ભયમુક્ત જાહેર કરીને ઘરે આવ્યા હોઈએ તો થોડી ક્ષણોમાં મૃત્યુ પામે. બાળકના પ્રસવ માટે ઓપરેશન નિયત હોય જ ને કંઈક એવું બને કે નોર્મલ ડીલીવરી થાય. આજ પ્રભુ કર્તું,

અકર્તું અન્યથા કર્તું સમર્થ.

શ્રીમહાપ્રભુજી બીજો અવિવેક ન કરવાનું કહે છે તે છે અભિમાન.

અભિમાનને સારી રીતે ત્યજવું જોઈએ. સારી રીતે એટલે વાસના સહિત. અભિમાન એટલે અભિતો માનઃ ચારે તરફથી માન મળે - આ મળેલું માન પચે નહીં. આનાથી ચિત્તની મોટાઈ થાય, આ જ અભિમાન. સામાન્ય રીતે પૈસા, પ્રતિષ્ઠા, વિદ્યા અને ઉચ્ચ કુલમાં જન્મ અભિમાન કરાવતા હોય છે.

વ્યક્તિ અભિમાન કરતો હોય ત્યારે કેટલાંક કારણોથી કે કેટલાક સંજોગોના લીધે સામેની વ્યક્તિ કે સમાજ તે સહન કરી લે પણ ભીતરમાં તો આવી અભિમાની વ્યક્તિ ગમતી નથી હોતી. આપણને કોઈ અભિમાની ન ગમે તો આપણે અભિમાન કરીએ તે કોને ગમે ? અહંકાર કરનાર વ્યક્તિ જો બધાને જ ન ગમે તો પ્રભુને તો કઈ રીતે ગમે ?

શ્રીભાગવતના દસમ સ્કન્ધમાં પ્રભુએ શ્રીગોપીજનો સાથે કરેલ રાસનું વર્ણન છે. પ્રભુને અને શ્રીગોપીજનોને પરસ્પર એકબીજા વગર નથી ગમતું. શ્રીગોપીજનો માટે પ્રેમાસ્પદ શ્રીકૃષ્ણ જ છે. શ્રીગોપીજનોએ કરેલ વિરહ માટે કબીરજી સરસ વાત કરે છે.

કબીરા કબીરા ક્યા કરે ? જા યમુના કે તીર
એક ગોપીકે નીરમેં બહ ગયે લાખો કબીર

આવા ઉત્કૃષ્ટ શ્રીગોપીજનો છે. રાસમાં ગોપીજનોને મદ (અભિમાન) થયો. અમારાથી વધુ કોઈ ભાગ્યશાળી સ્ત્રીઓ ભુવનમાં છે જ નહીં જેની સાથે પ્રભુ રાસ કરે. આમ તો આ સૌભાગ્યમદ છે. નંદદાસજી જેવા પુષ્ટિભક્તો તો આવા ગોપીજનોનો પક્ષ લેતાં કહે છે, ‘‘ક્યોં ન કરે રી ગુમાન, જીન્હે વશ મનમોહન કાહન - છતાંય પ્રભુને ગોપીજનોનું આ અભિમાન ન ગમ્યું. અંતર્ધાન થઈ ગયા.

આપણે કહેવત કહીએ છીએ, ‘‘અભિમાન તો રાજા રાવણનું પણ નથી રહ્યું’’ તો પછી આપણે કોણ ? આ હું કરું છું, આ મેં કર્યું. હું હતો તો આ બધું થયું. મારાથી જ આ ફેક્ટરી કે વ્યવસાય ચાલે છે, મારી મદદથી જ આ સંસ્થા ચાલે છે કે હું છું તો જ સામાજિક સેવાના પ્રોજેક્ટો સફળ થાય છે. આવા તો અસંખ્ય પ્રસંગોએ આપણું અભિમાન ઉન્નત બની જાય છે. આપણે કહીએ છીએ I is always capital આ કેપિટલ I આપણી અને બીજાઓ વચ્ચે મોટી ખાઈ ખોદી નાંખે છે. આજ capital I ને આડો પાડી દઈએ તો એક ખાઈ ઉપર બ્રીજ તૈયાર થઈ જાય. અઘરું છે આ બધું અનુસરવું. શ્રીમહાપ્રભુજી તે માટે દિશાસૂચન કરે છે કે આપણે આપણા સ્વામીને આધીન છીએ આવો વિચાર (વિવેક) કરીએ તો અભિમાન નહીં થાય.

કર્તાકારયિતા હરિઃ કરનાર તો હરિ જ છે. જે આપણો સ્વામી છે. જગતનાં સર્વ કાર્ય તેજ

કરે છે. આપણે તો તેના ઈનસ્ટ્રુમેન્ટ(સાધન) છીએ. આપણા દ્વારા એક સારું કામ થયું. સફળતા મળી તેમાં ખરેખર તો આપણા સ્વામીનું ગૌરવ છે. સારુ કામ કે સફળતા હરિથી છે. આપણું સૌભાગ્ય એ કે આપણે તેમાં નિમિત્ત બન્યા. તે માટે આપણા સ્વામીનો પાડ માનવો રહ્યો કે એક સારી ઘટનામાં પ્રભુ તેં મને નિમિત્ત બનાવ્યો. આથી સફળતા પછી પણ મદ-અભિમાન નહીં થાય અને અભિમાનરહિત વ્યક્તિને જો સમાજ પ્રેમ કરે તો આપણા સ્વામી પ્રભુ આપણા પર કેટલું વહાલ વરસાવે ?

નરસિંહ મહેતાએ આ જ કહ્યું, '' હું કરું હું કરું એજ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે.''

ગાડું ચાલી રહ્યું છે, તેની નીચે એક કૂતરો ચાલે છે. કૂતરાને ભ્રમ છે કે ગાડાનો ભાર હું લઈને ચાલું છું. માટે ગાડું ચાલે છે. હરિ ઈચ્છે છે તે કાર્ય બધાં થાય જ છે. આપણે હોઈશું તો જ થશે તે માત્ર અજ્ઞાન છે.

આપણે નહતા તો પણ સૂર્ય ઊગતો હતો, આથમતો હતો, ચંદ્રોદય પણ થતો હતો, પવન વાતો હતો, પુષ્પો ખીલતાં હતાં, નદીઓ વહેતી હતી અને સમાજ પણ ધબકતો જ હતો. આપણે નહીં હોઈએ તો પણ આજ ધબકાર ચાલુ જ રહેવાનો છે.

ભારત આઝાદ થયું ત્યારે આશરે ૪૦ કરોડની વસ્તી હતી. હવે ગાંધીજીનું બાળપણ કે શરૂઆતનું તેમનું વ્યક્તિત્વ જોઈએ તો એમ લાગે ખરું કે આ મોહનદાસ ગાંધી ભારતનો તારણહાર બનીને મહાત્મા બનશે ? બસ, આજ આપણા સ્વામીની સ્વતંત્ર ઈચ્છા. તે ધારે તેને ઉપર ઉઠાવે, ધારે તેને નીચે પણ ફેંકે. આપણા સ્વામીની આ જગતના આંગણામાં આ રમવાની રીત છે. આવા આપણા સ્વામીના આપણે સેવક હોવાથી આપણું ચિત્ત સ્વામીના ચરણમાં જ ઝૂકતું રહે. આથી નમ્રતા આવશે. કોકે કહ્યું છે

નમતાથી સૌ કોઈ રીઝે, નમતાને સૌ માન
નદીઓ સાગરને ભજે છોડી ઊંચાં સ્થાન

નમ્રતા આવશે તો ચિત્તમાં અભિમાન રૂપી અવિવેક નહીં આવે. ''નમ્યા તે પ્રભુને ગમ્યા'' આમ હું તો મારા સ્વામીને આધીન છું તેમ જાણી અભિમાન ત્યજી દેવું.

હઠ : પોતાની મનમાની જ કરવી તે હઠ. આપણા મનને ગમ્યું એટલે પકડી જ રાખવું તેમાં પછી યોગ્ય છે કે નહીં તેનો વિચાર જ નહીં કરવાનો. આપણી કહેવતમાં છે 'પૂછડું ઝાલ્યું' આમ સારા નરસા કે યોગ્ય-અયોગ્યનો વિચાર કર્યા વગર આપણને ગમ્યું એટલે છોડવું જ નહીં તે હઠ. આપણને બીજા પાસેથી કે બીજાને આપણી નજીકથી હઠાવે તે હઠ.

ઘણીવાર હઠના મૂળમાં અભિમાન જ ડોકાતું હોય છે. આપણે આપણી લાયકાત પ્રમાણે

આપણો અધિકાર જાણવો જ જોઈએ અને તેના આધારે કોઈપણ કાર્ય કરવું. ઘણીવાર કોક કામ આપણા ગજા બહારનું હોય તેથી શરૂઆતથી જ આપત્તિ કરાવનારું હોય છે તો તે કામ આપણી હઠથી કરવું ન જોઈએ. આપણે આપણા સ્વામીને આધીન છીએ. આપણા સ્વામી આપણને કાર્યમાં આપત્તિ આવે તેવું ન જ ઈચ્છે. તેથી જ્યારે આપત્તિ આવી છે તો તેમાં પ્રભુ ઈચ્છા નથી તેમ જાણવું અને તે કાર્ય પૂર્ણ કરવાની હઠ છોડી દેવી.

રોજ સ્નાનનો ક્રમ હોય છે. મેલેરિયા થયો, ઠંડી લાગતી હોય અને સ્નાન કરીએ તો ભલે નિયમ છૂટે, તે વખતે તો સ્નાન કરવાની હઠ ન જ થાય. સારા થયા પછી તો સ્નાન થઈ જ શકે ને ?

ચાલવાની ગતિ મારી ૫ કી.મી. કલાકના છે. હવે હું તેનાથી વધારે ઝડપ કરું તો થોડીવારમાં થાકી જઈશ. મારા ગંતવ્ય સુધી પહોંચી શકવાનું કપરું બની જશે.

પ્રભુને આધીન રહેવાથી હઠ કરવાનો વિચાર નહીં આવે. આપણી હઠ ન માત્ર આપણને પણ આપણી સાથે સંકળાયેલા બધાને દુઃખી કરી દે છે.

કોકે સાચું કહ્યું છે કે, ‘‘આકાશના ગ્રહો આપણને નથી નડતા, પણ આપણી હઠથી થતા હઠાગ્રહ, દુરાગ્રહ તથા પૂર્વગ્રહ આપણને નડે છે. પોતાની શક્તિને સમજવી કે જેથી હઠ ન થઈ જાય, એક વિચારકે પ્રભુ પાસે સરસ માંગ્યું છે.

Oh god ! grant me serenity to accept the things I cannot change, courage to change the things I can and wisdom to know the difference.

હે પ્રભુ મને ગાંભીર્ય આપે જેથી હું જે વસ્તુઓમાં પરિવર્તન ન કરી શકું તે હું સ્વીકારી શકું. જે વસ્તુઓમાં પરિવર્તન કરી શકું તેમ છુ તે કરવા માટે હિંમત આપો અને આ બંનેનો તફાવત સમજવાનું ડહાપણ આપો.

આમ હઠ ન કરવી તે પણ એક વિવેક છે. આ ઉપરાંત શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે પ્રભુ ઘણીવાર આપણા અંતઃકરણ દ્વારા કંઈક કરવાની આજ્ઞા કરે છે. આપણી ભાષામાં તે આજકાલ આત્માના અવાજ તરીકે આપણે રજૂ કરીએ છીએ. પણ ખરો વિવેક એ છે કે આ આજ્ઞાનો હેતુ આપણે સમજવો જોઈએ. તે આપણા અંગત લાભ માટે હોય તો પ્રભુ આપણી પરીક્ષા કરે છે તેમ માની લેવું. ને જો કોઈ ભગવત્ કાર્યમાં ઉપયોગી હોય તો તેનું અવશ્ય પાલન કરવું.

અત્યારે પ્રાયઃ ઘણાને સમાજસેવા કરવાના ધખારા હોય છે. સામે ચાલીને ઉત્સાહથી ઘણા દોડે છે. સમાજસેવાની આવી ઉમળકાની વૃત્તિ જતે દિવસે આપણને એ વિચારરૂપી લાલચમાં ખેંચે છે. જેમાં આપણે કદાચ વિચારીએ પણ ખરા કે ક્યારે દુકાળ પડે ? ક્યારે

પૂર આવે ? ને હું સમાજ સેવા કરું. છેવટે તો આ બધામાં પણ રાગ-દ્વેષ અને માન-અપમાનનો જ સવાલ આવે છે. અભિમાન અને હઠ પણ ફૂંફાડા મારવા લાગે છે.

આપણો અનુભવ કોકવાર એવો તો હશે જ કે અમુક વખત આપણું અંતઃકરણ જ આપણને કંઈક કાર્ય ભગવત્ કાર્યમાં પ્રેરતું હોય. આવાં કાર્યોથી આપણે પણ પ્રસન્નતા અનુભવીએ છીએ. તે વખતે આપણી પ્રસિદ્ધિ માટેની, અભિમાનની અને હઠની વૃત્તિઓ પણ દૂર થઈ જાય છે. આ એક વ્યક્તિગત અનુભૂતિ છે અને અંતમાં એક સરસ વિવેકનું દિગદર્શન શ્રીમહાપ્રભુજી કરે છે કે કોઈપણ કાર્ય શરૂ કર્યા પહેલાં તેમાં કેટલો ધર્મ છે, કેટલો અધર્મ છે તેનું દર્શન કરવું જોઈએ.

દુર્યોધને મહાભારતમાં સરસ કબૂલાત કરી છે જાનામિ ધર્મં ન ચ મે પ્રવૃત્તિઃ, જાનામિ અધર્મં ન ચ મે નિવૃત્તિઃ

ધર્મ શું છે તે હું જાણું છું પણ તેની પ્રવૃત્તિ કરી શકતો નથી. અધર્મ શું છે તે પણ જાણું છું પણ તેને નિવૃત્ત નથી કરી શકતો. દુર્યોધન હોય છતાં પણ આટલો સ્વીકાર તેનામાં છે. આપણે ?

વસ્તી વિસ્ફોટના આ યુગમાં મકાનો બાંધવા આવશ્યક જ છે. કોકવાર પાંચસો વ્યક્તિના માટે સો કરોડ વ્યક્તિઓને નુકસાન થતું હોય ત્યારે વિચાર તો કરવો જ પડે.

આપણા એક ક્ષુલ્લક લાભ માટે સમાજને કેટલું મોટું નુકસાન થાય છે તેવો વિચાર પણ આવવો જોઈએ. આ બધો વિચાર કરીને પણ ઉચ્ચ લક્ષ્ય વગરની કોઈ પ્રવૃત્તિ ન હોવી જોઈએ.

નિશાન ચૂક માફ, નહીં માફ નીચું નિશાન. આ ધર્મ અને અધર્મનું અગ્રદર્શન રાખવું તે પણ વિવેક છે. આમ શ્રીમહાપ્રભુજીએ સમજાવેલા વિવેકોને પાછા યાદ કરી લઈએ.

(૧) શ્રીહરિ જ સર્વત્ર છે. હરિ જ સર્વકાંઈ થયા છે.

(૨) શ્રીહરિ સ્વઈચ્છાથી સર્વ કરે છે.

(૩) શ્રીહરિ સાથે આપણો સંબંધ સ્વામી સેવકનો છે. તે જાણી પ્રાર્થના કરવી નહીં. કારણ આપણા સ્વામી સર્વસામર્થ્યયુક્ત છે.

(૪) અભિમાનનો ત્યાગ કરવો.

(૫) ભગવત્ કાર્ય સંબંધી વિશેષ આજ્ઞાનું પાલન કરવું.

(૬) હઠ છોડી દેવી.

(૭) દરેક કાર્યમાં ધર્મ-અધર્મનું દર્શન પહેલાં કરવું.

ધૈર્ય

વિવેક સમજાવ્યા પછી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે - ''વિવેકોડયં સમાખ્યાતો ધૈર્યં તુ વિનિરૂપ્યતે''

અર્થાત્

વિવેકનું સ્વરૂપ આ રીતે કહ્યું છે હવે ધૈર્યનું નિરૂપણ કરું છું.

શ્રીમહાપ્રભુજીએ આ ગ્રંથના નામમાં જ ક્રમ બતાવ્યો - પહેલાં જીવપ્રયત્નથી વિવેક પ્રાપ્ત કરવો પડે. જીવનમાં વિવેક આવતાં ધૈર્ય આવશે અને વિવેક ધૈર્ય બંને આવે ત્યારે પ્રભુકૃપાથી આશ્રય પ્રાપ્ત થશે. આગળ આપણે અંતઃકરણનો વિચાર કર્યો છે. આ પૈકી બુદ્ધિની શુદ્ધિ વિવેકથી થશે. ધૈર્યથી મનની શુદ્ધિ થશે અને આશ્રય ચિત્ત અને અહંકારની શુદ્ધિ કરશે. આમ માત્ર વિવેક, વિવેક-ધૈર્યની જોડી અને વિવેકધૈર્યઆશ્રયની ત્રિપુટી જીવ માટે ખૂબ જ આવશ્યક છે. અઘરું કામ જ વિવેક પ્રાપ્ત કરવાનું છે. શ્રી ભાગવતમાં પદ્મપુરાણ અંતર્ગત માહાત્મ્યનું વર્ણન છે. અહીં નૈમિષારણ્યમાં શૌનક ઋષિઓ યજ્ઞ કરવા બિરાજ્યા છે અને સૂતજી પધારે છે. શૌનક ઋષિએ સૂતજીને સાત પ્રશ્નો પૂછે છે. તેમાં બીજો પ્રશ્ન એ છે કે ભક્તિ-જ્ઞાન અને વૈરાગ્યથી મળતો વિવેક કેવી રીતે વધે છે ? આ કાળમાં તો ભક્તિ જ્ઞાન અને વૈરાગ્ય જ પ્રાપ્ત કરવા કે આચરવા અઘરા છે તો તેનાથી પ્રાપ્ત થતો વિવેક મેળવવો કેટલો બધો અઘરો ? અને મળેલ વિવેક તેને વધારવો તે તો તેથી પણ અઘરો. આમ અઘરું હોવા છતાં પણ આગળ બતાવ્યા પ્રમાણે વિવેક પ્રાપ્ત કરવો જ પડશે. વિવેક બુદ્ધિને શુદ્ધ કરશે અને તેથી મનની શુદ્ધિ કરનાર ધૈર્ય ઉત્પન્ન થશે. વિવેક બુદ્ધિ છે, ધૈર્ય માનસિક છે, બંનેની જોડી આવશ્યક છે.

આપણું મન લાગણીઓ સાથે સંકળાયેલું છે. આપણે બુદ્ધિજીવી છીએ છતાં પ્રાયઃ આપણા જીવનમાં લાગણીનું મહત્ત્વ વિશેષ હોય છે. કવિ સુરેશ દલાલ આજ વાત કહે છે

લાગણી મારી ગતિમતિ છે, લાગણી મારો દેશ

બુદ્ધિને હું કહીં દઉં છું તું તો ચૂપ જ બેસ

મન લાગણીઓનો અનુભવ કરે છે. સંવેગ-આવેગનો પણ અનુભવ કરે છે. આમ તો લાગણીના ઉત્તેજિત સ્વરૂપને જ સંવેગ કહે છે. મન દ્વારા અનુભવાતી લાગણીઓ સુખ અને દુઃખની હોય છે. આવેગો ઈન્દ્રિયજન્ય હોય છે.

સુખ-દુઃખની વ્યાખ્યામાં વ્યક્તિએ વ્યક્તિએ અલગ હોય છે. ઓશો રજનીશે આ માટે સુંદર દૃષ્ટાંત આપ્યું છે.

એક વાર એક નગરની ધર્મશાળામાં ત્રણ મુસાફરો ભેગા થયા. ત્રણે માટે આ નગર નવું હતું. ત્રણેય એકબીજા માટે નવા હતા. ત્રણમાંથી એક યુવાન, એક પ્રૌઢ અને એક વૃદ્ધ હતો. રાત્રિ મુકામ એક સાથે કર્યો. સવારે ત્રણેય પોતપોતાના કામે નગરમાં નીકળ્યા. સાંજ પડતાં પાછા ત્રણેય તે ધર્મશાળામાં ભેગા થયા. ત્રણેય નક્કી કર્યું કે દિવસ દરમ્યાન જે સારામાં સારો અનુભવ થયો હોય તે એક બીજાને કહેવો.

યુવાને કહ્યું હું જે કામે નીકળ્યો તે દરમ્યાન એક સુંદર છોકરીનો પરિચય થયો. તેની સાથે હર્યો ફર્યો. આમ આજે ખૂબ જ મજા પડી. સુખ લાગ્યું. આનંદ થયો.

પ્રૌઢે અનુભવ કહ્યો કે જેવો બહાર નીકળ્યો કે તરત જ રાજાના સૈનિકો પકડીને રાજા પાસે લઈ ગયા. અહીંનો રાજા જે પરદેશી પહેલો તેની પાસે આવે તેનું સ્વાગત કરતો. આવો રાજ્યનો રિવાજ હતો. તેથી રાજાએ સરસ આસન આપી મારું સ્વાગત કર્યું. સરસ વસ્ત્રો, અલંકાર આપ્યા. સરસ મજાનું ભોજન કરાવ્યું. આવા વ્યંજનો મેં કોઈ દિવસ નથી ખાધાં. આવો અલંકારો જોયા નથી. આવાં વસ્ત્રો પણ પહેલીવાર પહેર્યાં. ખૂબ મજા પડી. સુખ મળ્યું. આનંદ થયો.

વૃદ્ધે તેનો અનુભવ કહ્યો કે સાત દિવસથી મળ ઉતરતો ન હતો. આજે પેટ બરોબર આટલા દિવસે સાફ આવ્યું મજા આવી. સુખ લાગ્યું. આનંદ થયો.

આમ ત્રણેય માટે આનંદ-સુખ-મજા જુદા છે. ખરેખર તો એજ અર્થ જેવા લાગતાં મજા, સુખ અને આનંદમાં તાત્વિક ભેદ છે. તે એક સમાન નથી.

મજાને અંગ્રેજીમાં Pleasure કહે, સુખને Happiness કહે અને આનંદને Bliss કહે. મજા ઈન્દ્રિયો સાથે સંકળાયેલી છે. લોકગાયક શ્રી અભેસિંહ રાઠોડ તેમના બુલંદ અવાજમાં ‘મેઘ બની થનગનાટ કરે મન’ એ ઝવેરચંદ મેઘાણીની કૃતિ ગાતા હોય, આપણે કર્ણેન્દ્રિયથી સાંભળીએ એટલે મજા આવે. ગીત પૂરું થાય એટલે મજા જતી રહી. સ્ટીવન સ્લીપ બર્ગની જુરાસીક પાર્ક ફિલ્મ જોઈ. આંખની ઈન્દ્રિય દ્વારા જોતાં મજા આવી. ફિલ્મ પૂરી થઈ. મજા જતી રહી. મજા શબ્દ પણ મજાનો છે. તેને ઉલટાવતાં ‘જામ’ શબ્દ મળે. જામ એટલે દારુની પ્યાલી. પીનાર પીતા હશે ત્યારે ચોક્કસ મજા આવતી હશે. પણ પછીથી જામની અસર ઉતરતાં મજા જતી રહી. હતાં ત્યાંના ત્યાં થઈ ગયા. શરૂમાં મજા કરાવતી આ બધી વસ્તુઓ કોકવાર લાંબાગાળે કે સંયમથી ન માણીએ તો દુઃખ દેનારી થઈ જાય છે. મજા ક્વચિત્ સજા પણ કરાવી દે છે.

ભોજન સરસ હતું. ખૂબ ખાધું, મજા આવી. પછી પેટમાં ગડબડ ચાલુ. મજાની સજા શરૂ. ધુમ્રપાનથી મજા આવી. લાંબે ગાળે ફેફસાં બગડયાં, મજાની સજા મળી. આ મજા લાંબી ટકતી નથી.

સુખની લાગણી મન સાથે સંબંધ રાખે છે. મજા કરતાં તે થોડી વધુ વાર અનુભૂતિ કરાવે છે. આપણે કહીએ છીએ ''મનથી સુખ અને મનથી જ દુઃખ'' ઉપવાસનો દિવસ છે. એક વ્યક્તિ પાણી પણ પીધા વગર ઉપવાસ કરશે તેને મન તે સુખકારી છે. એકને પાણી વગર ઉપવાસ કરવો દુઃખદાયી લાગશે.

આનંદ આત્મા સાથે જોડાયેલ છે તે પ્રાયઃ ચિરકાલીન હોય છે. આનંદ એ તો સચ્ચિદાનંદનું એક સ્વરૂપ છે. તેથી જ તેની અનુભૂતિ આત્મા દ્વારા છે. શાસ્ત્રોએ આનંદ પણ ત્રણ પ્રકારના બતાવ્યા છે.

(૧) વિષયાનંદ - ભૌતિક આનંદ (૨) આધ્યાત્મિક આનંદ (૩) આધિદૈવિક આનંદ.

શાસ્ત્રોએ એક જ વસ્તુના ત્રણરૂપો સમજાવ્યાં છે (૧) આધિભૌતિક (૨) આધ્યાત્મિક (૩) આધિદૈવિક. તેને દૃષ્ટાંતથી જોઈએ. ગંગા નદીનાં આ રીતે ત્રણ સ્વરૂપો થશે. પાણીનો વહેતો પ્રવાહ તે આધિભૌતિક સ્વરૂપ. જે શક્તિથી ગંગાજી પાપોને દૂર કરે છે. તે આધ્યાત્મિક સ્વરૂપ છે. ગંગાજી પોતાના અનન્ય ભક્તને શરીર ધારણ કરીને દર્શન આપે છે. આ આધિદૈવિક સ્વરૂપ કહેવાય.

વિષયાનંદ, વિષયોને ભોગવવાથી મળતો આનંદ છે. ખરેખર તો આપણો વિષયાનંદ પણ વાસ્તવમાં સંપૂર્ણ નથી. આપણે તો માત્ર વિષયાનંદના આભાસનો અનુભવ જ કરીએ છીએ. સાચો વિષયાનંદ તો ઈન્દ્ર ભોગવે છે. એ ઈન્દ્રપદ પામવા કેટલાં બધાં સત્કર્મો કરવાં પડે કે જેથી તેનુ પુણ્ય સંચિત થતાં થતાં ક્યારેક ઈન્દ્ર બનાય. વિષયો ભોગવતાં ભોગવતાં પુણ્ય પરવાર્યું કે પાછા પૃથ્વી પર.

આધ્યાત્મિક આનંદ અક્ષરબ્રહ્મથી પ્રાપ્ત થાય. અક્ષરબ્રહ્મ પરમાત્માને રહેવાનું સ્થળ છે. મનુષ્ય જ્ઞાન મેળવી વૈરાગ્યનું આચરણ કરતાં મોક્ષનું ફલ મેળવે છે. મોક્ષ એટલે અક્ષરબ્રહ્મમાં મળી જવું. વિષયાનંદ કરતાં તે કિંમતી છે. પણ જીવ અક્ષરબ્રહ્મને મળ્યો તેથી જે આનંદ પ્રાપ્ત થયો તેનો અનુભવ ત્યાં નથી.

આધિદૈવિક આનંદ સર્વોત્કૃષ્ટ છે. તે ભજનાનન્દ કહેવાય છે. તે જ સ્વરૂપાનંદ કહેવાય છે. જ્યારે નિશ્ચિતપણે કૃષ્ણના જ બની જઈએ ત્યારે કૃષ્ણ આપણા શરીરમાં એવું સામર્થ્ય મૂકે છે કે આપણે કૃષ્ણ સ્વરૂપમાં રહેલા આનંદને માણી શકીએ છીએ. અહીં આનંદની અનૂભૂતિ જીવને થતી હોય છે. સૌથી ઉચ્ચ કોટીની આ આનંદાનુભૂતિ છે.

કૃષ્ણના સ્વરૂપનો આનંદ શ્રેષ્ઠ એટલા માટે છે કે આ આનંદની ગણના થઈ શકતી નથી. અક્ષરબ્રહ્મ સુધીના આનંદની ગણના શ્રુતિઓએ આ રીતે કરી છે.

એક ચક્રવર્તી રાજા હોય. વેદનો અભ્યાસી હોય, તંદુરસ્ત હોય તેથી ભોગો ભોગવી શકે

તેવો હોય, સદાચારી હોય તેને જે આનંદ મળે તેને એકમાપ (ક્રમાંક) તરીકે સ્વીકારીએ તો તેનાથી સો ઘણો આનંદ મનુષ્ય-ગંધર્વનો હોય. તેથી સોગણો આનંદ દેવ-ગંધર્વનો હોય તેનાથી સોગણો ચિર-પિતૃઓનો હોય. તેનાથી સો ગણો આનંદ અજાનજ દેવોનો હોય તેનાથી સોગણો આનંદ કર્મ દેવોનો હોય, તેનાથી સો ગણો આનંદ દેવ-લોકનો, તેથી સોગણો આનંદ ઈન્દ્રનો, તેથી સોગણો આનંદ બૃહસ્પતિનો, તેનાથી સોગણો બ્રહ્માનો, તેથી સોગણો અક્ષરબ્રહ્મનો આનંદ. આમ અક્ષરબ્રહ્મ સુધી આનંદની મીમાંસા (ગણના) થઈ છે. તેથી ઉપર પરબ્રહ્મ કૃષ્ણ છે. તેની ગણના શાસ્ત્રો કરી શકતા નથી. શ્રીમહાપ્રભુજી ‘કૃષ્ણાશ્રયગ્રંથ’માંથી જ સમજ આ રીતે આપે છે.

પ્રાકૃતઃ સકલા દેવાઃ ગણિતાનન્દકં બૃહત્ ।
પૂર્ણાનંદો હરિસ્તસ્માત્ કૃષ્ણ એવ ગતિર્મમ ।।

ઈશાવાસ્ય ઉપનિષદની શ્રુતિ-પૂર્ણમદઃ પૂર્ણમિદં, પૂર્ણાત્ પૂર્ણ મુદચ્યતે । પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે ।।

કહીને જે પૂર્ણની વાત કરે છે તે આ પૂર્ણાનંદ કૃષ્ણની જ છે. શ્રુતિ આ કૃષ્ણને આનંદમાત્રકરપાદમુખોદરાદિં કરી ઓળખ કરાવે છે. જેમ સાકરની પૂતળીના પ્રત્યેક અંગ સાકર જ છે તેમ કૃષ્ણના પ્રત્યેક અંગ આનંદ જ છે. પ્રત્યેક અંગથી આનંદનો જ રસાસ્વાદ છે.

મન સાથે સંકળાયેલી લાગણીઓ કે સંયોગોને સહન કરવા. આથી જ શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે યેન કેન પ્રકારેણ મનનો પ્રવેશ પૂર્ણાનંદ કૃષ્ણમાં કરાવી દેવો, જેથી લાગણીઓ અને સંવેગો કે આવેગો આપણને હલાવી ન દે, લાગણીઓ અને આવેગોની યાતના સહન કરવી તેનું નામ ધૈર્ય. સહનશક્તિનો વિકાસ એટલે જ ધૈર્ય.

દુઃખની અનુભૂતિ કરતા માણસમાં પહેલાં તો તેની ચેતનામાં જ પરિવર્તન આવે છે. આ પરિવર્તન શરીર તથા બુદ્ધિ સાથે સંકળાયેલું છે. જો વિવેકથી બુદ્ધિની શુદ્ધિ થઈ હશે તો આપણે આ પહેલા પરિવર્તનથી જ ઊગરી જઈશું. પરિણામે ચેતનાનું પરિવર્તન, શારીરિક પરિવર્તન આંતરિક પરિવર્તન સુધી નહીં જઈ શકે. શારીરિક પરિવર્તન એટલે દા.ત. ક્રોધમાં અવાજ ફાટી જવો. જૂઠું બોલતાં થોથવાઈ જવું વગેરે. આંતરિક પરિવર્તન એટલે દા.ત. નાડીની ગતિ, હૃદયની ગતિ, શ્વાસોશ્વાસની ગતિ બદલાઈ જવી વગેરે.

આ પરિવર્તનો એ દર્શાવે છે કે આપણે આપણી જાત પરનો કાબૂ ગુમાવી દીધો છે. આવાં પરિવર્તનો ઘણીવાર માણસને જીવતી લાશ જેવો કરી દે છે. કોક શાયરે કહ્યું છે, ‘‘અરમાં તમામ ઉમ્ર કે સીને મેં દફન હૈ, હમ ચલતે ફિરતે લોગ મજારો સે કામ નહીં’’

શ્રીમહાપ્રભુજી આથી જ પોતાના આશ્રિતોને શીખ દે છે કે સહનશક્તિનો વિકાસ સાધો જેથી સર્વ યાતનાઓનો સામનો થાય અને મનથી ધૈર્ય સિદ્ધ થાય અને ધૈર્ય મનને શુદ્ધ કરે. આ માટે આજ્ઞા કરી, ''ત્રિદુઃખસહનં ધૈર્યમામૃતે સર્વતઃ સદા'' જીવીએ ત્યાં સુધી હંમેશા માટે દુઃખો સહન કરવાં. શ્રીમહાપ્રભુજીના અંગભૂત આપશ્રીના સેવકોએ આ શીખ જીવ્યા ત્યાં સુધી આચરી બતાવી છે. એટલે જ સૂરદાસજી કહે છે :

સહન બરાબર રહન નહીં અય મન કરલે સહન
સહન સબનકા સાર હૈ યે સૂરદાસ કી કહન

શ્રીમહાપ્રભુજી આ દુઃખો ત્રણ પ્રકારનાં ગણાવે છે. (૧) આધિભૌતિક (૨) આધ્યાત્મિક (૩) આધિદૈવિક

(૧) આધિભૌતિક - શરીરને થતાં દુઃખ, તાવ, ઈજા વગેરે શરીર સાથે સંબંધ ધરાવનારાઓ દા.ત. પતિ, પત્ની, પુત્ર વગેરેથી પ્રાપ્ત થતાં દુઃખો આધિભૌતિક છે.

(૨) આધ્યાત્મિક દુઃખો ઈન્દ્રિય સંબંધી અને માનસિક છે. કામ, ક્રોધ વગેરે આવેશોમાંથી તે જન્મે છે.

(૩) આધિદૈવિક દુઃખ આત્માસંબંધી છે. ક્યારેક તે પ્રારબ્ધના ભાગરૂપે પણ આવતું હોય છે.

આ ત્રણેય દુઃખોને સહન કરવાની રીતપણ શ્રીમહાપ્રભુજી સમજાવે છે. આધિભૌતિક દુઃખમાં છાસની ભાવના કરવી. જેમ છાસ નિઃસત્ત્વ છે, પણ માખણ અગત્યનું છે. દેહનાં દુઃખો સગાસંબંધી તરફથી આવતાં દુઃખો ધંધા રોજગારમાં પડતાં દુઃખો તે બધા છાસની ભાવના કરી, તેની પરવા નહીં કરતાં કૃષ્ણ પ્રત્યેના ભાવરૂપી માખણને સાચવી રાખવા પ્રયત્ન કરવો.

એકવાર એક ગોવાલણી તેની સહિયરો સાથે છાસ વેચવા નીકળી. ચોમાસાને લીધે જમીન સરકણી થઈ ગઈ હતી. કોક કારણસર તેમાં નાસભાગ થઈ, બધી ગોવાલણો લપસી પડી. છાસના મટકા ફૂટી ગયા. બધી ગોવાલણો રડવા લાગી ત્યારે આ એક ગોવાલણ હસતી હતી. બાકીની બધી સહિયરોએ તેને હસવાનું કારણ પૂછયું. તેણીએ વૃત્તાંત કહ્યો, ''હું એક બ્રાહ્મણની પત્ની હતી. અમારે એક નાનો પુત્ર હતો. એકવાર અમે યાત્રાએ ગયા. રસ્તામાં એક ઘોર વન પ્રદેશ આવ્યો. થાક્યા પાક્યા અમે ત્રણેય જણા સૂઈ ગયા હતા. ત્યાં એ પ્રદેશનો એક યુવાન રાજા આવ્યો. મારા સ્વરૂપથી મોહાંધ થઈ તે મને ઊંઘતીને ઉઠાવી ગયો. મારા પતિ કે પુત્રને તે ખબર ન પડી. રાજા તેના રાજમહેલે મને લાવ્યો. મને તેની રાણી તરીકે રાખી. મને હતું કે મારો પતિ મને ગમે ત્યારે મળશે જ,

આથી મેં રાજાને કહ્યું કે મારે એક વ્રત છે. જેમાં મારે ભિક્ષુકોને રોજ અનાજનું દાન કરવું. આવું થોડા મહિના કરીશ. પછી મારું વ્રત પૂરું થશે ત્યારે હું તમને તાબે થઈશ. રાજા માની ગયો. હું રોજ ભિક્ષુકોને અન્નદાન કરતી મારા પતિની રાહ જોતી હતી.

આ બાજુ મારો પતિ જાગ્યો. મને ન જોઈ તેથી તે બેબાકળો થઈ ગયો. મને શોધવા નીકળ્યો. વ્યાકુળ એટલો બધો કે અમારા નાના પુત્રને પણ તે ભૂલી ગયો. ફરતો ફરતો તે રાજાના રાજ્યમાં આવ્યો. ભિક્ષુક બની અન્નદાન લેવા આવ્યો. મેં તેને ઓળખ્યો. તેને મેં સમજાવ્યું કે રાતે ગામ બહાર મંદિરમાં મારી રાહ જોજો. હું ગમે તે રીતે ત્યાં પહોંચીશ જ.

મેં રાજાને કહેવડાવ્યું કે આજ મારું વ્રત પૂરું થાય છે, તમે મારો સ્વીકાર કરી શકો છો. રાજા મારે મહેલે રાતે આવ્યો. મેં તેને ખૂબ જ મદિરા પીવડાવી. તે બેહોશ થઈ ગયો. મેં તેને તેની જ તરવારથી મારી નાંખ્યો. રાજાનો પહેરવેશ પહેરી હું મહેલની બહાર નીકળી ગઈ. આ બાજુ મારો પતિ મંદિરે પહોંચી મારી રાહ જોતો હતો. ત્યાં એક સાપ આવ્યો, તેને કરડયો. મારો પતિ મૃત્યુ પામ્યો. હું મંદિરે પહોંચી ત્યારે મેં મારા પતિને મરેલો જોયો. ત્યાં રોકાઉં તો પકડાઈ જ જવાય તેથી રાજાની હદ છોડવા હું તરત ભાગી. રસ્તામાં હું વેશ્યાના હાથમાં પડી અને વેશ્યાનો ધંધો કરવા લાગી.

આ બાજુ અમારો નાનો પુત્ર ઊઠયો ત્યારે અમને ન જોતાં તે રડવા લાગ્યો. તે રસ્તેથી એક વણઝારો નીકળ્યો. તે નિઃસંતાન હતો. તે આ બાળકને લઈ ગયો. તેને ઉછેરીને મોટો કર્યો. છોકરો હવે યુવાન થયો. એકવાર ફરતો ફરતો તે મારી (વેશ્યા) પાસે આવ્યો. અમે કુકર્મ કર્યું. તે બાદ મારું ધ્યાન તેના શરીર પરનાં ચિહ્નો પર જતાં તે મારો પુત્ર મને લાગ્યો. તેણે પોતાના પાલક પિતા પાસેથી પણ ખાત્રી કરી કે તે તેમનો પુત્ર નહતો.

હવે મારી પાસે મરવા સિવાય રસ્તો નહતો. આથી લાકડા સળગાવી હું ચિતામાં બેઠી, ત્યાં વરસાદ આવ્યો. ચિતા બંધ થઈ. મુશળધાર વરસાદમાં લાકડા સાથે હું તણાઈ. એક ગોવાળિયાએ મને જોઈ બચાવી. મારી સાથે લગ્ન કર્યાં.

હવે આટલાં બધાં દુઃખો જીવનમાં જોયાં છે ત્યાં આ છાશ ઢોળાવાનું દુઃખ ક્યાં કરું?

શ્રીમહાપ્રભુજી કહે છે કે વાસ્તવમાં આ દુઃખો તો આપણું ઘડતર કરે છે.

રશિયામાં એક નાનો બાળક. બાપ દારૂડિયો. આ નાના બાળકને ભણવું હતું. જીવનમાં કંઈક બનવું હતું, પણ તેના દારૂડિયા બાપે તેને માર્યો. સ્કૂલમાંથી ઉઠાડી મૂક્યો. એક પસ્તીવાળાની દુકાને નોકરીએ ગોઠવી દીધો. આ બાળક ફૂરસદની પળે પસ્તીમાં આવતી જુદી જુદી ચોપડીઓ વાંચતો, વિચારતો. આમ કરતાં તેણે પોતે એક વાર્તા લખી. તેના મિત્રોએ તેને પ્રોત્સાહન આપ્યું. રશિયાના એક સિદ્ધહસ્ત લેખકે તેના લેખનનાં વખાણ

કર્યાં. બાળકનું જીવન બદલાઈ ગયું. દુઃખોને ધૈર્યથી સહેનાર આ મેક્સીએ વિશ્વને એક અભૂતપૂર્વ નોવેલ આપી 'મધર' જે આજે પણ પ્રખ્યાત છે.

કૃષ્ણના સ્વભાવની એક ખૂબી છે. પોતાના ભક્તોનાં દુઃખમાં તે એકદમ નિકટ હોય છે. આથી જ કુંતામા પોતાના ભત્રીજા કૃષ્ણ પાસે ધન, દોલત, ઐશ્વર્ય ન માગતાં દુઃખ માંગે છે. ''વિપદઃ સન્તુ નઃ શશ્વત્''.

દુઃખ સહન કરનાર વ્યક્તિઓનો કોઈ આદર્શ હોય તો તે રાજા રંતિદેવ છે. શ્રીભાગવતના નવમા સ્કંધમાં તેની કથા હતી. એકવાર તેના રાજ્યમાં દુષ્કાળ પડયો. ધન ધાન્ય હતું ત્યાં સુધી પ્રજાનું પોષણ કર્યું. પ્રજાની પડખે રહી દુકાળમાં બધું જ પ્રજા માટે વાપરી નાખ્યું. હવે રાજા પાસે કંઈ ન રહ્યું. ૪૮ દિવસ પાણી વગરના ગયા. એક દિવસ રંતિદેવને ક્યાંકથી ખાદ્યસામગ્રી અને પાણી પ્રાપ્ત થતાં તે ખાવા બેઠો ત્યાં એક અતિથિ આવ્યો. રંતિદેવે તે ભગવદ્ ઈચ્છા માની તેને જાકારો ન આપ્યો. થોડું ખાવાનું આપ્યું. પાછો વધેલી સામગ્રી લઈ તે ખાવા બેઠો. બીજો એક અતિથિ આવ્યો. દુર્બળ રંતિદેવે મોં પર દુઃખ કે કટુતા લાવ્યા વગર તેને પણ થોડો ભાગ આપ્યો. પાછો ખાવા બેઠો ત્યાં ત્રીજો અતિથિ એક કૂતરાને લઈ આવ્યો. સહજતાથી પ્રસન્ન ચિત્તે હસતા મુખે તેણે બાકીનું બધું આને આપી દીધું. હવે જળ વધેલું. તે પીવા ગયો ત્યાં એકે બૂમ મારી મારે પાણી પીવું છે. રંતિદેવે તે જળ પણ તે તરસ્યાને આપી દીધું અને પ્રભુ પાસે માંગ્યું, ''પ્રભુ ! તું પ્રસન્ન હોય તો મારે સ્વર્ગ નથી જોઈતું. સુખ સમૃદ્ધિ નથી જોઈતી, પણ મારા નગરજનોનું તમામ દુઃખ હું તેમનાં મન બનીને સહન કરી લઉં.'' રંતિદેવ ધૈર્યનું પ્રતીક છે. ધૈર્ય સિદ્ધ કરેલ વ્યક્તિ દુનિયાને પણ બદલી શકે છે.

કોકે કહ્યું છે,
'જો તુફાનો મેં પલતે હૈ વોહી દુનિયા બદલતે હૈ'

આ ક્ષણે થોમસ આલ્વા એડીસનના ધૈર્યને પણ વંદન કરવાનું મન થાય છે. એડીસને અબજો ડોલર ખરચી પ્રયોગશાળા બનાવી. એકવાર તેમાં પ્રચંડ આગ લાગી. બધું ભસ્મીભૂત થતું હતું. ત્યારે ડર્યા અને ડઘાયા વગર એડીસન કુદરતના આ એક પહેલુને માણતો હતો. તેણે તેના પુત્રને કહ્યું, તારી મા ક્યાં છે ? જા એને બોલાવી લાવ. આવું અદ્ભુત દ્રશ્ય જોવા નહીં મળે. આપણી કંઈક ભૂલ હશે જે પ્રભુ સુધારવા માંગે છે.

શ્રીમહાપ્રભુજીના સંપ્રદાયમાં દુઃખને ડરામણાં નથી ગણવાનાં. એતો પ્રભુને પધારવાના વધામણાં છે.

મહાભારતના યુદ્ધમાં અર્જુનને થયેલો વિષાદ દુઃખ તે મનથી અનુભવતો હતો. તેનાથી અર્જુનમાં થયેલું પરિવર્તન તે પોતે જ રજૂ કરે છે. સીદન્તિ મમ ગાત્રાણિ મુખં ચ પરિશુષ્યતિ

। વેપથુશ્ચ શરીરે મે રોમહર્ષશ્ચ જાયતે ।। અર્થાત્ મારું અંગ શિથિલ થવા લાગ્યું છે. મોં સુકાય છે. શરીરમાં કંપ તથા રોમાંચ થાય છે. ગાણ્ડીવં સ્રંસતે હસ્તાત્ત્વક્ચૈવ પરિદહ્યતે । હાથમાંથી ગાણ્ડીવ ધનુષ પડી રહ્યું છે અને ચામડી પણ ખૂબ બળી રહી છે.

શ્રીગીતાના પ્રથમ અધ્યાય - અર્જુનવિષાદ યોગમાં અર્જુને જે રજૂઆત કરી તેના જવાબમાં બીજા અધ્યાય - સાંખ્યયોગમાં કૃષ્ણ અર્જુનને શીખ દે છે 'તાન્ તિતિક્ષસ્વ ભારત' હે ભારત! તું એને સહન કર. શ્રીકૃષ્ણનું અર્જુનને કહેલું ભારત આપણા બધા ભારતીયો માટે હોય તેવું લાગે છે.

જોકે અર્જુનના આ દુઃખથી આપણને ગીતાજી મળ્યા. શ્રીવ્યાસ મહર્ષિજીને પણ દુઃખ હતું. વેદોના વિભાગ, બ્રહ્મસૂત્રો, ભારત વગેરે લખ્યાં છતાં મનથી કંઈક ખૂટતું લાગતું હતું. એ ખૂટતું છેવટે ખૂંચતું હતું. તેથી મનમાં દુઃખ હતું. પ્રભુકૃપાથી નારદજી તેમને મળ્યા. સમાધિની આજ્ઞા કરી. શ્રીવ્યાસે સમાધિ કરી તેમાં શ્રીભાગવત આપણને મળ્યું.

વાલ્મીકિ ૠષિ એ કૌંચ પક્ષીનો વધ જોયો. મનમાં દુઃખ થયું. અનુષ્ટુપ છંદ સરવા લાગ્યો. આપણને રામાયણ મળ્યું.

આમ દુઃખમાં પ્રભુને ફરિયાદ ન કરતાં ફરી યાદ કરીએ તો પ્રભુ જ મળી જાય. પછી દુઃખ ક્યાંથી રહે ?

આધ્યાત્મિક દુઃખોને જડભરતજીની જેમ સહન કરવાં. શ્રીભાગવતમાં પાંચમા સ્કન્ધમાં જડભરતની કથા આવે છે. ભરતજી ૠષભદેવના પુત્ર હતા. પિતા પાસેથી રાજ્ય મળ્યું. એવું રાજ્ય કર્યું કે તેનો શાસિત દેશ ભરતખંડ કહેવાયો. લગ્ન કર્યાં. પાંચ પુત્રો થયા. પુત્રોને રાજ્ય આપી પુલહાશ્રમમાં આવ્યા. ભક્તિનિષ્ઠ બની ગયા.

ભગવાનને ભજતા હતા, પણ મનની ચંચલતા ન ગઈ. એકવાર સવારે નદીમાં હરિણીના બચ્ચાને ડૂબતું જોયું. બચ્ચાને બચાવ્યું, પણ તે બચ્ચામાં આસક્તિ થઈ. હરિનું સ્મરણ છૂટી ગયું. ભરતજીનો અંત સમય આવ્યો. મન બચ્ચામાં જ રહ્યું. મર્યા પછી હરણદેહ મળ્યો. પ્રભુકૃપાથી પૂર્વજન્મ યાદ હતો. અંતઃકાલ આવતાં પાછા પુલહાશ્રમમાં આવ્યા. મૃગનું શરીર છોડી દીધું.

ત્રીજા જન્મે તે બ્રહ્મણકુલમાં જન્મ્યા. નવભાઈ હતા. એક બહેન હતી. પૂર્વજન્મની યાદી હતી. આથી પોતાની ભૂલ સુધારી લીધી. પોતાની જ મસ્તીમાં જીવતાં પૂર્વજન્મના બળથી જડ જેવા મૂક-બધિર બનીને જીવવા લાગ્યા. ભાઈઓ ભરતને ગાંડો-જડ ગણતા હતા. ખેતરમાં ભરતજીને જોતરી દીધા. ભરતજી કંઈ જ માંગતા નહીં. વગર માગ્યે જ મળે તેમાં આનંદ માણતા. કોઈ સ્વાદ નહીં, કોઈ વાદ નહીં.

એકવાર તો ભીલ લોકો પણ તેમને ભદ્રકાલીના મંદિરે બલિ તરીકે ઊંચકી ગયા. ભદ્રકાલીએ જ તેમનું રક્ષણ કર્યું.

રાજા રહુગણની પાલખી પણ ઊંચકી. રાજાએ ભરતજી પર ગુસ્સો કર્યો. ગમે તેમ બોલ્યા. છતાં આ જડભરતજીએ રાજાને સાત્ત્વિકતાથી માફ કર્યો અને મધુર શબ્દોમાં સાચું જ્ઞાન કરાવ્યું.

આમ ભરતજીએ અનેક દુઃખો સહન કર્યાં. ફરિયાદ કર્યા વગર સહન કર્યાં અને દુઃખ દેનારને પણ સન્માર્ગ બતાવ્યો. આમ આપણે પણ દશ ઈન્દ્રિયો અને મનથી ભગવદ્ રસમાં છકેલું રહેવું. અષ્ટછાપ કવિ ગાય છે,

''યહમન લાગ્યો શ્યામ સુંદર અહિર સો''

મન માધવમાં મળી જાય પછી દુઃખો આપણને તેનો અહેસાસ નથી કરાવી શકતાં. આથી જ મહાપ્રભુજી જડભરતની જેમ પોતાના સેવકોને ઈન્દ્રિય સંબંધી આધ્યાત્મિક દુઃખો સહન કરવાં કહે છે.

આધિદૈવિક દુઃખો ગોપીજનોની જેમ સહન કરવાનું કહે છે. શ્રીભાગવતના દસમ સ્કન્ધમાં રાસનો પ્રસંગ છે. પ્રભુને રાસ કરવાની ઈચ્છા થઈ. આ દ્વારા પોતાના અનન્ય ભક્તો શ્રીગોપીજનોને મહાફલનું દાન કરવું હતું. આથી પ્રભુએ વેણુનાદ કર્યો. વનમાં થયેલો વેણુનાદ આ વ્રજભક્તોએ ઘરમાં સાંભળ્યો. કેટલાક ગોપીજનો ઘરનાં બધાં કામો પડતાં મૂકી વન ભણી દોડયા. પ્રભુ પાસે જ્યારે તે આવ્યા ત્યારે પ્રભુએ એમને ઘરે પાછા જવાની આજ્ઞા કરી. શ્રીગોપીજનોએ કહ્યું બધું છોડી આપના શરણે તો રહ્યા છીએ. આપ જ અમારા માટે સર્વસ્વ છો. પ્રભુને આ જવાબથી આનંદ થયો. રાસનું દાન કર્યું. આ ફલમાં થયેલ આરંભનું દુઃખ (પ્રભુએ પાછા જવાનું કહ્યું તે) તે આધિદૈવિક દુઃખનો પ્રકાર છે.

આ જ રીતે કેટલાક ગોપીજનો કારણવશાત્ વેણુનાદ સાંભળ્યા પછી વનમાં જઈ ન શક્યા - ઘરમાં જ રહ્યા પ્રભુ ન મળવાથી વિરહ થયો. પ્રાણ છૂટી ગયા. પ્રભુમાં મળી ગયા. આ ગોપીજનોને પણ આરંભે પ્રભુ પાસે ન જવાથી આધિદૈવિક દુઃખ થયું છે.

આમ આધિદૈવિક દુઃખ આત્મા સંબંધી છે. તે પ્રભુની પ્રાપ્તિમાં વિલંબ થાય છે તેના લીધે સામાન્યતઃ થતું હોય છે. આવું દુઃખ તેથી ગોપીજનોની ભાવનાથી સહન કરીએ તો પ્રભુ કૃપા કરે જ.

આવું આધિદૈવિક દુઃખ નંદ-યશોદાજીને પણ થયું છે. પ્રભુ ગાયો ચરાવવા વનમાં જાય ત્યારે અને પ્રભુ મથુરા પધારી ગયા ત્યારે નંદબાબા તથા યશોદામાને આવું દુઃખ થયું છે. આ દુઃખ તો શ્રેષ્ઠ છે, માટે શ્રીમહાપ્રભુજી પોતાના માટે આવું દુઃખ પ્રાપ્ત થાય તેવું ઈચ્છે છે.

યચ્ચ દુઃખં યશોદાયા નંદાદીનામ્ ગોકુલે ગોપિકાનાં તુ યદ્ દુઃખં તદ્ દુઃખં સ્યાન્ મમ કવચિત્

જે દુઃખ ગોકુલમાં નંદબાવા યશોદાજી તથા ગોપીજનોને થયું છે તેવું દુઃખ મને થાવ.

વૈષ્ણવોએ તો દુઃખ ખાસ સહન કરવાં જોઈએ. વૈષ્ણવોને સંબંધ વિષ્ણુ ભગવાન સાથે છે. ભૃગુઋષિને ત્રણ દેવોમાંથી કોણ મોટું ? તે જાણવું હતું. આ પરીક્ષા માટે તે વિષ્ણુભગવાન પાસે ગયેલા. વિષ્ણુ ભગવાનની છાતીમાં પોતાના પગથી પ્રહાર કર્યો. વિષ્ણુ ભગવાનની સહનશક્તિનો ક્યાસ કાઢવા. વિષ્ણુ ભગવાન જરા પણ અપ્રસન્ન ન થયા. વળી ભૃગુઋષિને કહ્યું આપના કોમલ ચરણે મારી વ્રજ જેવી છાતીમાં પ્રહાર કર્યો તેથી આપને પીડા તો થઈ નથી ને ? લાવો આપના ચરણ દબાવી દઉં. એટલું જ નહીં પોતાના આ ભક્તનું સ્મરણ ભૃગુલાંછન રૂપે સદાય પોતાના વક્ષઃ સ્થલે રાખ્યું. વિષ્ણુ સંબંધી વૈષ્ણવોએ પણ આજ રીતે સહનશક્તિની પરાકાષ્ઠા સુધી પહોંચવું રહ્યું.

કોઈપણ વ્યક્તિ આપણને કોઈપણ રીતે દુઃખી કરે તો સહન જ કરવું તેમાં કાયરતા નથી. કાયરતા તો તે દુઃખોથી ડરી જવામાં, તે દુઃખોથી તૂટી જવામાં છે.

એક શાયરે સરસ કહ્યું છે,

જો તુફાનો મેં પલતે હૈ, વોહી દુનિયા બદલતે હૈ

મન સાથે દુઃખની લાગણીની જેમ સુખની લાગણી પણ સંકળાયેલી છે. સુખ લાગે ત્યારે પણ છકી ન જતાં, છલકાઈ ન જતાં દુઃખની જેમ જ પચાવી જવું. આમ નહીં થાય તો સુખ આપણને પાછું અભિમાની બનાવી દેશે તેની પૂરી શક્યતા છે. વિવેક આપણો ખોરવાઈ જશે.

મળેલું સુખ આપણે કરેલાં સાધનોનું ફળ છે તેમ માન્યા કરતાં પ્રભુની પ્રસાદી છે તેમ ગ્રહણ કરીએ તો અભિમાની નહીં થવાય. પેલી કવિતાની પંક્તિ યાદ રાખવી

‘‘એક સરખા દિવસ સુખના કોઈના જતા નથી.’’ મળેલા સુખમાં સૌને સહભાગી કરતાં વિવેક જળવાઈ રહેશે. ત્યાં સૌને આમંત્રવા - દુઃખની થાળી એકલાએ ચૂપચાપ જમી લેવી.

આ ત્રણે પ્રકારનાં દુઃખો સહન કરવાથી ત્રણ પ્રકારે પ્રભુનો આશ્રય સિદ્ધ થાય છે. આધિભૌતિક દુઃખ સહન કરવાથી શરીર દ્વારા પ્રભુનો આશ્રય સિદ્ધ થાય છે. આધ્યાત્મિક દુઃખ સહન કરવાથી મન દ્વારા પ્રભુનો આશ્રય સિદ્ધ થાય છે અને આધિદૈવિક દુઃખ સહન કરવાથી આત્મા દ્વારા પ્રભુનો આશ્રય સિદ્ધ થાય છે.

ધૈર્યનું સ્વરૂપ સમજાવી શ્રીમહાપ્રભુજી દુઃખ સહન કરવામાં કેટલીક વ્યાહારિક શીખ પણ આપે છે.

ઘણીવાર દુઃખ એની મેળેજ જતું રહેતું હોય છે. દા.ત. શરીર પર ઘા પડયો મલમપટ્ટા, દવા વગર પણ તે રૂઝાઈ જતો હોય છે. આમ વગર પ્રયત્ને દૂર થતા દુઃખને સહન કરવાનો આગ્રહ ન રાખવો. દુઃખ પછી સુખ અને સુખ પછી દુઃખ એ એક ઘટમાળ છે. તેથી દુઃખ ભોગવવા એટલા બધા ન ટેવાવું કે દુઃખ જતું રહે તો દુઃખી થઈ જવાય. ભૂંડોનો ખોરાક ઉકરડો છે. એકવાર નારજીને દયા આવી. ભૂંડને સ્વર્ગમાં લઈ ગયા, જેથી ભૂંડને સુખ મળે. સવારે ભૂંડને સ્વર્ગમાં છોડી નારદજી સાંજે ભૂડ પાસે આવ્યા ત્યારે ભૂંડ સાવ નંખાઈ ગયેલું હતું. બેચેન હતું. નારદજીએ કારણ પૂછ્યું ત્યારે ભૂંડે કહ્યું અહીં ખાવા ઉકરડો નથી તેથી. આપણી દશા પણ આવી ન થાય તે જોવાનું છે.

શરીર અસ્વસ્થ થયું. તાવ આવ્યો કે કોઈ રોગ થયો તો સારવાર કરી આપણે સ્વસ્થ થવું જ જોઈએ. દુઃખ સહન કરવાના આગ્રહી બનવાની અહીં જરૂર નથી.

ઉપર બતાવ્યા પ્રમાણે સર્વત્ર પ્રભુની પ્રેરણાનો વિચાર કરતાં દુઃખ સહન કરીશું તો રોજબરોજના આપણા જીવનમાં સ્ત્રીપુત્રાદિ કે બીજા દુર્જનોના તિરસ્કારો પણ આપણે હસતાં હસતાં સહન કરી શકીશું. દુર્જનો તેમની દુર્જનતા નથી છોડી શકતા તો આપણે આપણી સજ્જનતા શા માટે છોડવી?

આ માટે જૈન આચાર્ય વિજયરત્ન સુંદરજીનું એક સુવાક્ય વાગોળવા જેવું છે. તેઓશ્રી કહે છે કે અક્કડ થઈને પણ જિંદગી તો જીવી જવાય છે, જીતી પણ જવાય છે પણ જિંદગી સરસ તો ત્યારે જ બને જ્યારે નમ્ર વલણ અપનાવીએ. મહાપુરુષોની આ અનુભવસિદ્ધિ વાણી છે માટે આમાં સંશયને કોઈ સ્થાન નથી. શ્રીકૃષ્ણ પણ ગીતામાં સંશય કરનારા જીવો માટે કહે છે ‘સંશયાત્મા વિનશ્યતિ’ સંશય કરનારાઓનો નાશ થાય છે.

ઈન્દ્રિયોના ભોગો જીવનમાં વહેલા મોડા દુઃખોનું કારણ બને છે. પ્રાયઃ દરેકનો આ અનુભવ છે. તેથી આપણી શક્તિ પ્રમાણે આ ભોગોનો મનથી વિચાર ન કરવો. વાણીથી ભોગોનું વર્ણન નહીં કરવું અને શરીરથી ભોગોને ભોગવવા નહીં. શ્રીમહાપ્રભુજી સ્વલિખિત સેવાફલ વિવરણ ગ્રંથમાં પણ લૌકિક ભોગો વિઘ્નવાળા છે તેમ સમજી તેનાથી દૂર રહેવા આજ્ઞા કરે છે.

પણ ભોગોની લપસણી ભૂમિમાંથી બચવું સહેલું તો નથી જ. નાનાં દૃષ્ટાંતો લઈએ - મધુપ્રમેહનો દરદી સમજે છે, છતાં ગળ્યું છોડી શકતો નથી. રક્તચાપનો દરદી પ્રાયઃ નમક ઓછું નથી કરી શકતો. હૃદય અને ફેફસાનાં રોગોનો દર્દી પ્રાયઃ ધુમ્રપાન છોડી નથી શકતો. પહેલાં આ બધા સ્વાદ-ભોગ કર્યા છે તેથી હવે જરૂર છોડવાની છે પણ

છૂટતા નથી.

આવી અશક્ય પરિસ્થિતિમાં હરિનું શરણ સ્વીકારી લેવું. અશક્ય પરિસ્થિતિઓમાં બચાવનારા હરિજ છે. છેલ્લે કરેલી આ વાતમાં હરિના આશ્રયની કંઈક પૂર્વભૂમિકા કરી હવે શ્રીમહાપ્રભુજી આશ્રયનું સ્વરૂપ સમજાવે છે.

આજથી ૫૦૦ વર્ષ પહેલાં જગદ્‌ગુરુશ્રીવલ્લભાચાર્યજીએ પોતાના આશ્રિતોનાં જીવન વૃંદાવન બની જાય તે માટે એક નીતિ બતાવી. આ નીતિના પાલનની રીત શીખવી. આ રીતિ એટલે માત્ર કૃષ્ણમાં જ પ્રીતિ આપણી રતિ, મતિ અને ગતિ કૃષ્ણના પ્રતિ જ રાખવાની આજ્ઞા કરી. આનાથી કોઈ ભીતિ જીવને નહીં રહે અને જગત જીતી જવાશે.

આના માટે આપશ્રીએ અંતઃકરણની શુદ્ધિ પર ખૂબ ભાર મૂક્યો. આ પૈકી બુદ્ધિ અને મનની પવિત્રતા માટે વિવેક અને ધૈર્ય શીખવ્યાં. હવે ચિત્ત અને અહંકારની શુદ્ધિ માટે આશ્રય સમજાવે છે. આશ્રય એ આત્મિક છે. આત્મા સાથે સંબંધિત છે.

વિવેક ધૈર્ય અને આશ્રય સરળતાથી તો પ્રાપ્ત થઈ શકતા નથી. જીવન ઊર્ધ્વગામી કરવાના આ ત્રણ પગથિયાં છે. પણ તે નિસરણીનાં ત્રણ પગથિયાં વારફરતી ચઢી જવાય તેવા સરળ તો નથી. સતત ખૂબ જ સજાગ અને સક્રિય રહીએ તો પહેલાં વિવેક, પછી ધૈર્ય આવે અને આ બંને સિદ્ધ થયા બાદ પ્રભુ આશ્રયનું દાન કરે.

વિવેકધૈર્યાશ્રય ગ્રંથના અંતે શ્રીમહાપ્રભુજી જે કહે છે તે હું આશ્રય વિષે શ્રીમહાપ્રભુજીના વિચારો રજૂ કરતા પહેલાં કહેવા ઈચ્છું છું. એક હકીકતનો પહેલા હું આપ સૌ સમક્ષ એકરાર કરું છું કે હું કોઈ ટીચર નથી. પ્રીચર પણ નથી. હું તો શ્રીમહાપ્રભુજીનો સેવક થઈ આપના માટે એક દૂતનું કામ કરી રહ્યો છું. આમેય અમારા પુષ્ટિમાર્ગમાં દૂતીનું એક અનોખું સ્થાન હોય છે.

હાં, તો શ્રીમહાપ્રભુજી આ ગ્રંથને અંતે આજ્ઞા કરે છે કે

।। કલૌ ભક્ત્યાદિમાર્ગા હિ દુઃસાધ્યા ઈતિ મે મતિઃ ।।

કલિયુગમાં ભક્તિ વગેરે માર્ગો પર ચાલવું કઠીન છે. સરળતાથી સાધી શકાય તેમ નથી. દુઃસાધ્ય છે. શ્રીમહાપ્રભુજી કહે છે કે આવી મારી (આપશ્રીની) સમજ છે.

શાસ્ત્રોએ ચતુર્યુગનું વર્ણન કર્યું છે. સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ, દરેક યુગનો પ્રભાવ તે વખતના સમાજ જીવનમાં પથરાયેલો હોય છે જ. આ એક સ્વીકૃત સત્ય છે. કલિયુગ એટલે જ જે કલહ કરાવે તે. શ્રીનારદજીએ કલિયુગના પ્રભાવથી સમાજ જીવનમાં વિસ્તરેલાં ૨૮ દૂષણો જોયાં છે. આવા આ કરાલ કલિ માટે શ્રીભાગવત (માહાત્મ્ય /અ/૧/૭૭) કહે છે.

અયં તો યુગધર્મો હિ વર્તતે કસ્ય દૂષણમ્ ।
અતોસ્તુ પુંડરિકાક્ષ સહતે નિકટે સ્થિતઃ ।।

શ્રીભાગવતના માહાત્મ્યમાં આ વાત કરી કે કલહ કરાવવો, કટુતા ફેલાવવી, કડવાશનો વિસ્તાર કરવો અને ખલધર્મને પોષવો તે તો કલિ માટે યુગધર્મ છે. શ્રીકૃષ્ણએ કલિને આ રીતે કરવા માટે હુકમ કર્યો છે. જેમ ઓફિસરના એક મોટા સાહેબ તેમના પટાવાળાને હુકમ કરે કે તારે હમણાં મારી કેબિનમાં કોઈને પણ આવવા નહીં દેવો. તો તે પટાવાળો તે આદેશનું પાલન કરવા કોઈ મોટી વ્યક્તિને પણ બહાર રોકી રાખશે. કોઈને પણ બહાર રોકવા તે હવે તે પટાવાળાનો ધર્મ છે. તેમ પ્રભુએ આપેલ આદેશ (ભલે આપણી દૃષ્ટિમાં જેવા લાગે તેવા)નું પાલન કરવું તે કલિનો ધર્મ છે. તેથી આ બધું જ યુગધર્મ છે. આથી કોને દોષ દેવો ? આથી આપણે તો આ બધું સહન કરીએ છીએ તે તો ઠીક, પણ ભગવાન પણ આ બધા યુગધર્મો નજીકમાં રહેવા છતાં સહન કરે છે. આ ભગવાન પુંડરીકાક્ષ છે. અર્થાત્ આપનાં નેત્રો કમલ જેવાં છે, જે ભગવાનનાં નેત્રો કમલ જેવાં કોમળ છે તે ભગવાન સ્વરૂપથી કેટલા બધા કોમળ હશે ? આવા કોમળ ભગવાન પણ કલિયુગના યુગધર્મ જેવાં દૂષણોને સહન કરે છે તો આપણે કોણ માત્ર ?

આવા યુગપ્રભાવમાં ભક્તિ વગેરે માર્ગો દુઃસાધ્ય થઈ ગયા છે. જીવના ઉત્કર્ષ માટે શ્રીકૃષ્ણચંદ્રએ ત્રણમાર્ગ બતાવ્યા. જ્ઞાન, કર્મ અને ભક્તિ. આપણને મગજ, હાથપગ અને હૃદય જેવા અવયવો પણ પ્રભુએ આપ્યા. મગજમાં રહેલી બુદ્ધિથી જ્ઞાનયોગ, હાથપગ દ્વારા કર્મયોગ અને હૃદયથી ભક્તિયોગનું આચરણ થાય છે. શ્રીભાગવત કહે છે કે આ ત્રણેય યોગનાં સાધનો કલિના પ્રભાવમાં બળીને ભસ્મ થઈ ગયાં છે. જો સાધનો ખોવાઈ ગયાં હોત તો ફરી શોધી શકાત. જો ખોરવાઈ ગયા હોય તો ફરી કાર્યશીલ કરી શકાત. પણ આવું નથી. સાધનો બળીને ભસ્મ થઈ ગયાં અને આ સાધનો પેલા ફીનીક્સ પક્ષી જેવાં તો છે નહીં કે રાખમાંથી નવસર્જન પામે. આમ શ્રીમહાપ્રભુજીની સમજ છે કે કલિમાં ભક્તિ વગેરે માર્ગો દુઃસાધ્ય છે એટલે જીવને માટે વિવેક અને ધૈર્ય પ્રાપ્ત કરવાં પણ દુષ્કર છે તેથી જ આશ્રય સમજાવતાં કહે છે.

ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિઃ

પ્રાયઃ જીવોને જીવતાં જીવતાં આ લોક અને મૃત્યુ બાદ પરલોક સુધારવાની ઈચ્છા-ચિંતા હોય છે. શ્રીમહાપ્રભુજી આ માટે સર્વ રીતે હરિનું શરણ ગ્રહણ કરવા કહે છે. આશ્રય એટલે શરણાગતિ, એક જ સિક્કાની આ બે બાજુ જેવા છે. આશ્રય કરવા શરણાગતિ કરવી પડે.

અર્જુને પણ કૃષ્ણને કહ્યું 'શિષ્યસ્તેડહં શાધિ માં ત્વા પ્રપન્નં' શિષ્ય બનીને અર્જુને શ્રીકૃષ્ણની

શરણાગતિ જ કરી છે. આશ્રય શબ્દની વ્યુત્પત્તિ કરીએ - આસમન્તાત શ્રયઃ, સેવનં આશ્રયઃ તન મન અને ધનથી સર્વ રીતે પ્રભુની સેવા કરવી તેનું નામ આશ્રય. વળી આશ્રિયતે ઈતિ આશ્રયઃ જેનો આધાર લઈએ તે આશ્રય. આવો આશ્રય શ્રીહરિનો કરવો. આમ કહેવામાં જગદ્‌ગુરૂરુ શ્રીવલ્લભાચાર્યજીનો મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણ પણ છે.

દરેક મનુષ્યના હૃદયમાં અનેક વૃત્તિઓ છે. તે પૈકીની બે મુખ્ય વૃત્તિઓ છે (૧) ગુરુતા અથવા પ્રભુતા (૨) લઘુતા-પ્રભુતાની વૃત્તિમાં વ્યક્તિ પોતાના કરતાં નબળા લોકોનું નેતૃત્વ કરવાની ઈચ્છા કરે છે. લઘુતાની વૃત્તિમાં પોતાના કરતા સબળ હોય તેના સેવક બનવાની ઈચ્છા કરશે. આ વૃત્તિઓને અંગ્રેજીમાં Self-assertion અને Self submission પણ કહે છે. પ્રભુતાવૃત્તિ selfassertion માં નબળા લોકોનું નેતૃત્વ કરતાં જીવમાં અભિમાનની ભાવના ઉત્પન્ન થાય છે. આથી વિવેક ખોરવાઈ જાય છે. લઘુતામાં એક માણસ બીજા માણસની શરણાગતિ સ્વીકારે છે. શરણાગતિ કરનાર વ્યક્તિમાં આથી ગ્લાનિનો ભાવ ઉત્પન્ન થાય. ધૈર્ય તેથી ખોઈ બેસાય.

આ સમયમાં જ્યારે વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના વિશ્વાસની ખાઈ દરેક ક્ષેત્રમાં અને વ્યવસાય તથા વ્યવહારમાં વધતી જ જાય છે. ત્યારે જેનો આશ્રય લીધો છે તે વ્યક્તિની વિશ્વસનીયતા પર પણ પ્રશ્નાર્થ ચિહ્‌ન તો છે જ. માનવીઓની વૃત્તિની ભયાનકતા પર એક સરસ મુક્તક છે.

એક માનવી બીજા માનવીને ગળે છે.

માનવી દુકાળ બનતો જાય છે.

અને આશ્રય તો એનો લેવાય જે સર્વત્ર, સર્વરીતે ખુદ અભય હોય - વિશ્વના દરેકે દરેક વ્યક્તિને ક્યાંક, કોઈકનો, કંઈક ભય તો છે જ છે. એક ભયભીત વ્યક્તિ બીજાને અભય કઈ રીતે કરી શકે ? શ્રીભાગવતના પાંચમા સ્કંધમાં શ્રીલક્ષ્મીજી બ્રહ્માંડના એક માત્ર અભય પુરુષ-પતિને આ રીતે ઓળખાવે છે.

સ વૈ પતિઃ સ્યાદકુતો ભયઃ સ્વયં સમન્તતઃ પાતિ ભયાતુરં જનમ્ - સાચો પતિ તેજ છે તે સ્વયં સર્વથા નિર્ભય છે, હોય અને બીજા ભયભીત લોકોની બધી રીતે રક્ષા કરી શકે (ભાગવત પુ.પ. ૧૮-૨૦)

આમ શરણાગતિ કરવી તો એક શ્રીહરિની, આશ્રય કરવો એક શ્રીહરિનો. આ શરણાગતિ નહીં અભિમાન લાવે, કે નહીં ગ્લાનિ લાવે. આવા શરણના ત્રણ અર્થો કોશમાં બતાવ્યા છે. (૧) ઉપાય (૨) ઘર (૩) રક્ષક

એક ગંભીર વ્યક્તિને બચાવવા ડૉક્ટર સઘળા ઉપાય કરી લે. કોઈ સફળતા ન મળે -

દરદીના સગા પૂછે ડૉક્ટર સાહેબ હવે કોઈ ઉપાય ? ડૉક્ટર કહેશે ભગવાનનું સ્મરણ કરો. અહીં આ ભગવાનનું શરણ ઉપાય રૂપે છે.

ઘરમાં સુરક્ષા મળે. ગમે તેવા વિકટ વાતાવરણમાં ઘર આપણને સુરક્ષા આપે છે. દુનિયામાં ફરીને આવતો માનવ છેવટે ઘરમાં હાશ અનુભવે છે. કહ્યું છે - ''દુનિયાનો છેડો ઘર'' આપણે પણ અનેક જન્મોથી પ્રભુથી વિખૂટા પડયા છે. કેટલીય યોનિઓમાં ભટક્યા. પ્રભુના ચરણનું શરણ આપણા માટે હવે ઘર જેવું બનશે. અહીં આપણી રક્ષા જ થશે. હવે અન્યત્ર આથવડવું નહીં પડે. અહીં ભગવાનનું શરણ ઘરના અર્થમાં છે.

જીવનમાં ડગલેને પગલે વિકટ પરિસ્થિતિઓ આવશે જ, ''છે જિંદગી સુખ અલ્પ પણ દુઃખો અધિકથી ભરેલી'' આ પરિસ્થિતિમાં પહેલાં તો આપણને આપણા સામર્થ્ય ઉપર, આપણા સગા-સ્નેહીઓનાં સામર્થ્ય ઉપર, આપણા મિત્રોના સામર્થ્ય પર ભરોસો હોય છે કે આપણે ઊગરી જઈશું, પણ કાળક્રમે સમજાશે કે આ બધા આપણી રક્ષા માટે બોદા પૂરવાર થાય છે. નક્કર તો નરાકાર ઈશ્વરનો જ આશ્રય છે. હરિથી આ રીતે રક્ષાયેલા ઘણા છે. આમ અહીં આશ્રય રક્ષક સ્વરૂપે છે. પહેલાં ઘણાય જીવો હરિથી રક્ષાય છે તો પ્રભુ આશ્રય મને પણ રક્ષશે તેવું એક નિશ્ચિત આશ્વાસન મળે છે.

ભક્ત કવિ સૂરદાસજીએ આવી ભાવના પોતાના એક પદમાં ધ્વનિત કરી છે.

ચક્ર કે ધરનહાર ગરુડ કે અસવાર
નંદકે કુમાર મેરો સંકટ નિવારો ।

યમલા અર્જુન તારે ગ્રજગ્રાહતે ઉબારે
નાગ કે નથવારે મેરો તુ હી આધાર હૈ ।।૧।।

નખ પર ગિરિ ધાર્યો ઈન્દ્ર હું કો ગર્વ ગાર્યો ।
વ્રજકો રક્ષણહાર બિરુદ તિહારો ।।૨।।

દ્રુપદ સુતા કે બેર નેક હું ન કરી દેર ।
આપકો અબેર સૂર સેવક તિહારો ।।૩।।

શ્રીમહાપ્રભુજી જે હરિનો સર્વથા આશ્રય કરવા કહે છે તે હરિને સૂરદાસજી ગાય છે. હરિ ચક્રને ધારણ કરનારા છે. આ ચક્ર આયુધ છે. પોતાના શરણાગતોને તકલીફ કરનારા આતતાયીઓથી આ ચક્ર દ્વારા રક્ષે છે. ચક્ર તેજનું રૂપ પણ છે. આથી શરણાગતોથી હૃદયગુહામાં રહેલ વિજ્ઞાન કે અન્યથા જ્ઞાન રૂપી તિમિર અંધકારને પણ દૂર કરી દે છે.

ગરુડ પક્ષીરાજ છે. ખૂબ વેગ છે તેનો અને આવું ગરુડ હરિનું વાહન છે. આથી ભક્તોને ભીડ પડે ત્યારે તેમની વહારે ઝડપથી પહોંચી જાય છે. આવા હરિ નંદના કુમાર શ્રીકૃષ્ણ

જ છે. શ્રીકૃષ્ણે કોની કોની રક્ષા કરી સૂરદાસજી કહે છે. યમલા અર્જુનને તાર્યા. અહીં અર્જુન વૃક્ષનું નામ છે. બે અર્જુન વૃક્ષોનું જોડકું તેનો ઉદ્ધાર કર્યો.

આ બે અર્જુન વૃક્ષો પૂર્વ જન્મમાં પ્રભુભક્ત કુબેરના બે પુત્રો હતા. નલકુબેર અને મણિગ્રીવ તેમનાં નામ. એક સરોવરમાં આ બંને અપ્સરાઓ સાથે નિર્વસ્ત્ર થઈ નિર્લજજ ક્રીડા કરતા હતા. ત્યાંથી પ્રભુભક્ત નારદજી પસાર થયા. નારદજીની પણ આમન્યા આ બંનેએ ના કરી. આ બંનેને યોગ્ય રસ્તે લાવવા નારદજીએ કૃપા કરી તે બંનેને વૃક્ષ રૂપે થવાનો શ્રાપ આપ્યો. સાથે સાથે કૃપા કરી કે પ્રભુ તમારો ઉદ્ધાર કરશે. આ બંને વ્રજમાં નંદ બાબાના ઘરના આંગણામાં અર્જુન વૃક્ષ થઈને રહ્યા. ભગવાનને દોરડાથી ખાંડણિયે બાંધ્યા તે પછી તેઓ આ બે વૃક્ષો વચ્ચેથી ભાંખોડિયા ભરતાં બાલ લીલા કરતાં પસાર થયા. ખાંડણિયો બે વૃક્ષની વચ્ચે ભરાયો. પ્રભુએ જોર કર્યું. બે વૃક્ષો મૂળ સહિત ઉખડી ગયાં. વૃક્ષ રૂપે રહેલા નલકૂબર તથા મણિગ્રીવનો ઉદ્ધાર કર્યો.

એક વનમાં એક હાથી રહેતો હતો. તેના કુટુંબીઓ અને મિત્રો સાથે મજાક કરતો હતો. પોતે ખૂબ તાકાતવર હતો. વળી મિત્રો અને કુટુંબીઓનો સાથ પણ હતો. એકવાર સરોવરમાં સ્નાન કરવા ગયો. ત્યાં મગરે તેને પકડયો. પૂર્વજન્મમાં આ હાથી ઈન્દ્રદ્યુમ્ન રાજા હતો. શ્રાપથી તે હાથી બનેલો. મગરે પકડયો, પછી હાથીએ ખૂબ જોર કર્યું, પણ પોતાને છોડાવી ન શક્યો. તેના સંબંધીઓ અને મિત્રો પણ તેને છોડી ચાલ્યા ગયા. હાથીને પૂર્વજન્મના સંસ્કાર હતા. તેને સમજાયું કે પોતાનું બલ કે મિત્રોનું બલ આશ્રય આપી શકતું નથી. હરિને પોકાર્યા, ગરુડપર હરિ પધાર્યા. હાથીને મગરથી છોડાવ્યો.

વ્રજમાં પાણીનો એક ધરો હતો. ત્યાં કાલિય નામનો નાગ રહેતો. તેણે આ ધરાનું જલ ઝેરી કરેલું. કોઈપણ તેનું પાણી પીએ તો મરી જાય. કૃષ્ણએ આવા ભયંકર નાગને પણ વશમાં કરી લીધો જે નાગથી બધા ભયાતુર હતા તે નાગ કૃષ્ણથી ભયભીત થયો, કૃષ્ણના કહેવાથી એ ધરો છોડી દૂર ચાલી ગયો. આમ વ્રજના લોકોને તથા ગાય-વાછરડાને રક્ષ્યા.

વ્રજમાં અન્નકૂટ પણ થયો. ઈન્દ્ર રિસાયો, કોપ કર્યો, પ્રલય વખતના વાયુ વાયા. વરસાદ સાંબેલા ધારે સાત દિવસ વરસ્યો. શ્રીકૃષ્ણે ટચલી આંગળીના નખ પર શ્રીગિરિરાજ પર્વતને ધારણ કરી લીધો. વ્રજનું રક્ષણ કર્યું.

ઈન્દ્રપ્રસ્થમાં ભરી સભામાં દ્રૌપદીનાં ચીર ખેંચાયાં, દ્રૌપદીને હતું સસરા તુલ્ય ધૃતરાષ્ટ્ર અને વડીલ ભીષ્મદાદા બચાવશે. સબળ પાંચ પતિઓનો આશ્રય છે તે બચાવશે. પણ કોઈ વહારે ન આવ્યું. હરિને સ્મર્યા. હરિએ દ્રૌપદીની રક્ષા કરી.

સૂરદાસજી આથી જ પ્રભુને આ બધું સ્મરણ કરાવે છે અને કહે છે કે આ બધાને રક્ષ્યા.

ઉદ્ધાર કર્યો તો હવે મારો વારો છે. તો તમે મારા માટે કેમ વાર કરો છો ?

શ્રીકૃષ્ણના આ એક સાચા શરણાગત - આશ્રિતનો પોકાર છે. આ ભક્તની આ જ તો ખુદ્દારી છે કે એ શ્રીકૃષ્ણને કહી શકે છે કે હવે શા માટે વાર કરો છો ? આ સૂર તો આપનો જ સેવક છે. તેથી આ આત્મગૌરવ છે. પ્રભુ જ સર્વના આત્મા બન્યા છે. આથી આત્મા એ પરમાત્માનો જ આશ્રય કરે અને તે આત્મગૌરવ બક્ષશે. સાચા અર્થની આ શરણાગતિ હરિનો આશ્રય કરાવી દેશે.

આપણા અનેક જન્મો વ્યતીત થઈ ગયા છે. તે જન્મોમાં થોડો થોડો વિવેક સિદ્ધ પણ કદાચ થયો હશે તે સંસ્કારો બુદ્ધિમાં ભળ્યા પણ હશે, પણ હાલમાં તે પથ્થર જેવાં ફ્રીઝ થઈ ગયા છે. તેને ફરી જાગૃત કરવાના છે. અહલ્યા નામના એક સ્ત્રી એકવાર શ્રાપથી પથ્થર બની હતી. શ્રીરામના સ્પર્શે તે ચેતનવંતી પુનઃ બની ગઈ. એક કવિએ મુક્તક લખ્યું છે

અહલ્યા થઈને સૂતું છે અમારું જ્ઞાન અંતરમાં
ગુરુ મમ રામ થઈ આવો તમારો સ્પર્શ ઝંખું છું.

આપણી હાલત પણ આવી અહલ્યા જેવી હતી, ગુરુ શ્રીવલ્લભ આપણા જીવનમાં પધાર્યા. આપશ્રીના સ્પર્શે આપણો વિવેક જાગૃત થયો જે ધૈર્ય જગવશે અને પ્રભુ તેથી આશ્રય આપશે. પણ આના માટે આપણી નિષ્ઠા ખૂબ જરૂરી છે. આશ્રયની બુલંદી કેવી હોય છે તે માટે એક સરસ મુક્તક જોવા મળ્યું. શ્રી મહેન્દ્રભાઈ મેઘાણી દ્વારા ગુજરાતી સાહિત્યના વાંચનની અર્ધશતાબ્દિ પુસ્તકમાંથી ‘જટીલ’ નામધારી એક આ મુક્તક લખ્યું છે. આ કવિ પ્રભુમાં ખૂબ દૃઢ આશ્રયવાળા લાગે છે. પ્રભુને ભરોસે જ જીવન રૂપી નૌકા આ ભાવસાગરમાં તરવા મૂકી દીધી છે. પછી પ્રભુ જે કરે તે ખરું તેવી સ્વીકૃતિ પણ છે.

ફેંકતાં પાસા અમે પણ દાવ તારા હાથમાં
છે હાથમાં શસ્ત્રો અમારા, ઘાવ તારા હાથમાં
સઢ ચઢાવી સાત એ ઉપડી મઝધારમાં
તોડવી કે તારવી એ નાવ તારા હાથમાં

બસ આવો દૃઢ આશ્રય જીવનમાં ખૂબ જરૂરી છે. જે પ્રભુ કરશે તે મમ હિતનું તે નિશ્ચય બદલાય નહીં.

અલગ અલગ સંપ્રદાયોમાં આજ સમજ કંઈક જુદા રૂપે કે જુદા નામે હશે પણ દરેક માર્ગમાં આવી સ્વીકૃતી હશે જ. કબીરજી આ માટે કહે છે ગ્રંથ, પંથ સબ જગત કે બાત બતાવત તીન - રામ હૃદય, દિલમેં દયા, તન સેવામાં લીન કબીરજી તેમના અનુભવનો

નિચોડ કહે છે. વિશ્વના ધર્મો અને ધર્મ ગ્રંથો ભલે જુદા લાગે પણ તે બધા ત્રણ વસ્તુ તરફ જ ધ્યાન દોરે છે. હૃદયમાં રામ રાખો. પ્રભુનો આ આશ્રય થયો. દિલમાં દયા તે વિવેક શીખવે છે. અને સેવામાં એવા મસ્ત બની જઈએ કે દુઃખો સહન કરવાનું ધૈર્ય સ્વતઃ આવી જ જાય.

શ્રીમહાપ્રભુજીએ હરિનો આશ્રય સિદ્ધ કરવા છ પ્રકારની શરણાગતિ પણ બતાવી છે.

અનુકૂલસ્ય સંકલ્પઃ પ્રતિફૂલવિસર્જનમ્
કરીષ્યતીતિ વિશ્વાસો, ભર્તૃત્વે વરણં યથા
આત્મનૈવદ્યકાર્પણ્યે ષડ્વિધા શરણાગતિઃ

(૧) પ્રભુને અનુકૂળ રહેવાનો સંકલ્પ (૨) પ્રભુને પ્રતિકૂલ હોય તેને છોડી દેવું (૩) પ્રભુ મારી ભલી જ કરશે તેવો વિશ્વાસ (૪) પ્રભુ મારા સ્વામી છે તેથી મારું ભરણ-પોષણ કરશે જ (૫) પ્રભુને આપણું સમર્પણ કરી દેવું (૬) હું હરિનો દાસ છું તેવી સમજ.

શરણાગતિના આ છ પગથિયાં આપણા જીવનમાં આવતાં જુદા જુદા ઝંઝાવાતોથી આપણને જડ સમેત ઉખાડી નહીં શકે. આવી અસંખ્ય પરિસ્થિતિઓનું શ્રીમહાપ્રભુજી ચૌદ પ્રકારની પરિસ્થિતિઓમાં વર્ગીકરણ કરે છે.

ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિઃ

આ લોકમાં જીવતાં કે આપણા મૃત્યુ પછી બીજા લોકોમાં સર્વ રીતે હરિ જ મારું શરણ છે.

દુઃખહાનૌ તથા પાપે ભયે કામાદ્યપૂરણે
ભક્તદ્રોહે ભક્ત્યભાવે ભક્તૈશ્ચાતિક્રમે કૃતે
અશક્યે વા સુશકયે વા સર્વથા શરણં હરિઃ

આપણને કોઈપણ કારણથી દુઃખ થાય ત્યારે સામાન્ય રીતે આપણે એક જ દુઃખના કારણથી ત્રણવાર દુઃખી બનીએ છીએ. પહેલું તો દુઃખ આવશે તે વિચારથી દુઃખી થઈશું. બીજું દુઃખ ખરેખર આવ્યું ત્યારે દુઃખી થઈશું, ત્રીજું દુઃખ ગયા પછી તે દુઃખને વાગોળીને દુઃખી થઈશું. આ પરિસ્થિતિઓમાં હરિ જ મારું શરણ છે.

આપણને કોઈ નુકસાન થયું. ચાહે આર્થિક હોય કે શારીરિક હોય કે બીજા કોઈપણ પ્રકારનું હોય હરિ જ મારું શરણ છે.

આપણાથી જાણે અજાણે કોઈ પાપ થઈ ગયું. શ્રી વ્યાસમહર્ષિજી બીજાને પીડા આપવી તે પાપ ગણે છે. ભક્તો માટે તે પ્રભુની શરણાગતિ ભૂલવી તે પણ પાપ છે. આવી પરિસ્થિતિમાં હરિ મારું શરણ છે.

આપણે ઘણીવાર ભય અનુભવીએ છીએ તે અસલામતીની ભાવના સાથે સંકળાયેલ હોય છે. સૌથી મોટો ભય મૃત્યુનો છે. અહીં પણ હરિ જ મારું શરણ છે સુભાષિત કહે છે. ''મહામૃત્યુમાંથી અમૃત સમીપે નાથ લઈજા''.

આપણે અનેક મનઃકામનાઓ કરતાં હોઈએ છીએ. તે બધી પૂર્ણ નથી થતી. અહીં પણ હરિની શરણાગતિ કરવી.

ઘણીવાર જીવસ્વભાવથી આપણે કોઈ ભક્ત કોઈ સંતને દુભવીએ છીએ. તેમની નિંદા કરીએ છીએ. આવી પરિસ્થિતિમાં પણ હરિ જ આપણું શરણ છે.

આપણા હૃદયમાં રહેલા ષડ્‌રિપુઓ આપણામાં ભક્તિ જાગૃત નથી થવા દેતા. આમ ભક્તિનો અભાવ હોય તો પણ હરિનું શરણ કરવું.

કોકવાર ભક્ત કે સંતપણ આપણા પર નાખુશ થાય ત્યારે પણ હરિની શરણાગતિ કરી લેવી.

આપણો સ્વભાવ એવો છે કે સહજતાથી થતાં કામ આપણે કર્યાં એમ માનીએ અને અશક્ય કામમાં હરિને યાદ કરીએ. ખરેખર તો અશક્ય કે સુશક્ય બંને પરિસ્થિતિઓમાં હરિનું શરણ લેવું.

અહંકાર ન જ કરવો જોઈએ. છતાં થઈ જાય તો પ્રભુની શરણાગતિ કરવી. અહંકાર તો જ જશે.

સ્ત્રી-પુત્રો વગેરેનું આપણે પોષણ કરીએ છીએ. છતાં તે અંગેનું આપણને અભિમાન ન થવું જોઈએ કે આ બધા મારાથી જ પોષાય છે. આપણે તો આ બધા માટે ટ્રસ્ટીભાવ રાખી તેમને પ્રભુની અમાનત સમજીને સાચવવાના છે તે આપણી ફરજ છે. તેનું પણ અભિમાન થાય તો હરિનું શરણ લેવું.

આ સ્ત્રી-પુત્રો જેને આપણે પોષીએ છીએ તે આપણી સામે પડે તો પણ અકળાયા વગર હરિનું શરણ કરવું.

આપણે કામધંધે જઈએ ત્યાં ઘણા આપણી સાથે કામ કરનારા હોય છે. તેઓ પણ જો આપણી સાથે યોગ્ય વ્યવહાર કરે તો હરિની શરણાગતિ કરવી. ગુરુએ પણ પોતાના શિષ્ય સામે થાય તો હરિનું શરણ કરવું.

આપણા મનને અલૌકિક કરવા માટે હરિનું શરણ લેવું.

હરિ જ મારું શરણ છે તેવી ભાવના ચિત્તમાં સદાય કર્યા કરવી અને વાણી વડે હરિ જ મારું શરણ છે તેવું કીર્તન કર્યા કરવું. ચાર સનતકુમારો નિત્ય હરિઃશરણં હરિઃશરણં એમ બોલ્યા જ કરે છે. આના પરિણામે જે કાલ કોઈને છોડતો નથી તે કાલ તેમને છેડતો ન

હતો, આથી તેમનું આયુષ્ય વધતું જ નહોતું. આ છે શરણગાનનો પ્રભાવ.

શ્રીમહાપ્રભુજી હવે એક મૂળભૂત સિદ્ધાંત કહે છે કે હરિના આશ્રયનો વિરોધી છે અન્યાશ્રય અને હરિના આશ્રયનો સહયોગી વિશ્વાસ છે. આથી હરિ છોડીને અન્ય કોઈને પણ આશ્રય ન કરવો અને આપણું કોઈ કામ થઈ જાય તેવી પ્રાર્થના પણ કરવી નહીં. આ પ્રકારનો આપણો અન્યાશ્રય એ સૂચવે છે કે આપણને હરિમાં વિશ્વાસ નથી. હરિમાં વિશ્વાસ રાખીએ તો જીવનમાં નિઃશ્વાસ નાખવાનો વારો ન આવે. અવિશ્વાસ આપણા જીવનમાં એક અવરોધ છે. બાધક છે. શ્રીમહાપ્રભુજી અન્યાશ્રય અને વિશ્વાસને બે દૃષ્ટાંતોથી સમજાવે છે.

રાવણ સીતાજીને લંકા ઉઠાવી લઈ ગયો. અશોકવાટિકામાં રાખ્યા. રામજીના સેવક હનુમાનજી રામજીનો સંદેશ લઈ ત્યાં આવ્યા. વાટિકામાં ખૂબ ધમાલ કરી. રાવણનો છોકરો મેઘનાદ તેના સૈનિકોને લઈ હનુમાનજીને પકડવા આવ્યો. હનુમાનજી તો મહાવીર છે, ન પકડાયા. છેવટે મેઘનાદે બ્રહ્માસ્ત્ર નામના એક શસ્ત્રનો પ્રયોગ કર્યો. હનુમાનજીએ એ શસ્ત્રમાં પોતાના પ્રભુની શક્તિ જોઈ. કારણ કે બ્રહ્માસ્ત્ર તો પ્રભુના વરદાનથી પ્રાપ્ત થયેલું. આથી આ સેવકે પોતાના સ્વામીની આમન્યા રાખી. બ્રહ્માસ્ત્રથી બંધાયા. હનુમાનજીને રાવણ પાસે લાવવામાં આવ્યા. ત્યારે રાવણે કહ્યું આ વાનરને બ્રહ્માસ્ત્રના સૂતરના તાંતણે ક્યાં બાંધ્યો ? તેને તો લોખંડની સાંકળે બાંધો. હનુમાનજીએ જોયું કે આ લોકોને બ્રહ્માસ્ત્ર જેવા અમોઘ શસ્ત્રમાં હવે અવિશ્વાસ થયો છે. અત્યાર સુધીનો બ્રહ્માસ્ત્ર પરનો વિશ્વાસ તૂટી ગયો છે. તરત હનુમાનજી બંધન તોડીને મુક્ત થઈ ગયો. આમ પોતાના હરિમાં અવિશ્વાસ ન કરવો. રાવણે લોખંડની સાંકળનો આશ્રય વિચાર્યો ને હનુમાનજી મુક્ત થઈ ગયા.

પ્રભુ પોતાના આશ્રિતોનું સદાય હિત જ કરે છે. તે માટેનો વિશ્વાસ ચાતક પક્ષી પાસેથી શીખવો જોઈએ. કહે છે કે ચાતક સ્વાતિ નક્ષત્રના વરસાદનું જ જલ પીએ છે. અન્ય નક્ષત્રના વરસાદનું જલ તે પીતું જ નથી. તે પ્રભુપરના એ વિશ્વાસથી જીવે છે કે સ્વાતિ નક્ષત્ર આવશે જ, તેમાં વરસાદ વરસશે જ અને મારી તરસ છિપાસે જ. વિશ્વાસે જ વહાણ ચાલેને ? આમ હરિના જ આશ્રયથી અને હરિપરના વિશ્વાસથી આપણને જે કંઈ પ્રાપ્ત થાય તેનું મમતા રાખ્યા વગર સેવન કરવું જોઈએ. ઉપર વર્ણવેલી પરિસ્થિતિઓની પળોજણમાં પડવું જ નથી તેમ માની આ જગતનો ત્યાગ ન કરવો તે પણ શ્રીમહાપ્રભુજી સમજાવે છે. ગૃહસ્થાશ્રમ નભાવતાં આપણી ફરજ રૂપે જે કંઈ કરવાનું છે તે પ્રભુની આજ્ઞા માની કરવું જ રહ્યું. તે બધામાં આસક્તિ ન કરવી, પણ હરિના શરણની જ ભાવના કરવી.

આટલું કહીને શ્રીઆચાર્યચરણો એટલે જ સમજાવે છે કે આ કલિયગુમાં સર્વે જીવો માટે હંમેશા સર્વ પરિસ્થિતિમાં હરિનો આશ્રય જ હિત કરનારો છે. કારણ આપણે આશ્રયને સમજવા શરૂમાં જ જોયું કે કલિયુગમાં ભક્તિ વગેરે માર્ગોનું પાલન કઠિન છે.

જગદ્ગુરુ શ્રીવલ્લભાચાર્યજી સમર્થ હોવા છતાં હરિની પ્રસન્નતાને જ પોતાનું કર્તવ્ય માને છે. આથી જ ખૂબ દીનતાથી આપશ્રી પોતાની સમજ જ પોતાના સેવકો અને તે દ્વારા સમજીને આપે છે કે

એવમાશ્રયણં પ્રોક્તં સર્વેષાં સર્વદા હિતમ્
કલૌ ભક્ત્યાદિ માર્ગા હિ દુઃસાધ્યા ઈતિ મે મતિઃ

આ રીતથી આપણું જીવન વૃંદાવન બનશે. વ્રજાધિપ તેમાં બિરાજશે જ.

આ સાથે વિવેકધૈર્યાશ્રય ગ્રંથ સંપન્ન થાય છે. આ મારી રજૂઆતમાં મેં મારા ગુરુદેવ કાંકરોલી નરેશ ગો.શ્રી વ્રજેશકુમારજીનાં વચનામૃતો, ગો.શ્રી શ્યામ મનોહરજીનાં વચનામૃતો, પ.ભ. શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજી અને પ.ભ. શ્રી રમેશભાઈ પરીખના વિચારો જે આ ગ્રંથ અન્વયે થયા છે તેનો આશ્રય કર્યો છે. આપ સૌને આમાં જ્યાં આનંદની અનુભૂતિ થઈ હોય તે મારા શ્રીવલ્લભના, મારાં શ્રીઆચાર્યોના તથા અમારા ભગવદીયોના વિચાર મંથનના કારણે છે. જ્યાં ગમ્યું ના હોય ત્યાં મારા પ્રમાદવશ થયેલા સ્ખલનથી છે તેમ માની મને ક્ષમા કરશો.

અસ્તુ.